RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 135* Date: 05.03.2023, Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# મનિષ સિસોદિયાની હોળી જેલમાં જશે : આપ નેતાના આરોપોને કોર્ટે ન ગણકાર્યા



## કોર્ટે તેમની સીબીઆઈ કસ્ટડીમાં બે દિવસનો વધારો કર્યો છે. તેમની જામીન અરજી પર ૧૦ માર્ચે ફરીથી વિચારણા કરવામાં આવશે.

નવીદિલ્હી,તા.૪

દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને આજે પણ જામીન મળી શક્યા નથી. કોર્ટે તેમની સીબીઆઈ કસ્ટડીમાં બે દિવસનો વધારો કર્યો છે. કોર્ટે કહ્યું કે તેમની જામીન અરજી પર ૧૦ માર્ચે ફરીથી વિચારણા કરવામાં આવશે. આજે મનીષ સિસોદિયાએ ખુદ જજને સીબીઆઈ વિશે ફરિયાદ કરી હતી. તેમણે ખુદ જજને કહ્યું કે સીબીઆઈ પૂછપરછના નામે તેમને ટોર્ચર કરી રહી છે. સીબીઆઈએ સિસોદિયાના રિમાન્ડ ત્રણ દિવસ વધારવાની માંગ કરી હતી. સીબીઆઈએ કહ્યું કે સિસોદિયા હજુ પણ તપાસમાં સહકાર આપી રહ્યા નથી. તેમને દારૂ કૌભાંડના અન્ય આરોપીઓનો સામનો કરવો પડશે. તેના પર જજે પૂછ્યું કે હવે સિસોદિયાને કોની સામે લાવવાના છે, સીબીઆઈએ જણાવવું જોઈએ. તે જ સમયે, સિસોદિયાના વકીલે ઝ્રમ્ૈં રિમાન્ડની માંગનો વિરોધ કર્યો હતો. આવો જાણીએ સ્પેશિયલ ઝ્રમ્ૈં કોર્ટમાં કોણે શું કહ્યું...

સીબીઆઈએ સિસોદિયાના ત્રણ દિવસના રિમાન્ડ વધારવાની માંગ કરી હતી. ત્યારે સ્પેશિયલ સીબીઆઈ કોર્ટના જજ એમકે નાગપાલે પૂછ્યું કે શા માટે? હવે શું બાકી છે? આના પર સીબીઆઈએ કહ્યું કે સિસોદિયાની દરરોજ રાત્રે ૮ વાગ્યા સુધી પૂછપરછ કરવામાં આવે છે, પરંતુ તેઓ હજુ પણ યોગ્ય જવાબ આપી રહ્યા નથી. સિસોદિયા તપાસમાં મદદ કરી રહ્યા નથી. સિસોદિયા તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ દયાન ક્રિશ્નને રિમાન્ડની માંગનો વિરોધ કર્યો હતો. એવી દલીલ કરી હતી કે અમે આરોપીઓની કબૂલાતની રાહ જોઈ રહ્યા છીએ તે આધારે સીબીઆઈ રિમાન્ડ માંગી શકે નહીં. સિસોદિયા તપાસમાં સહકાર આપી રહ્યા નથી તે આધારે તે દર વખતે રિમાન્ડ માંગી શકે નહીં.

ન્યાયાધીશે કહ્યું કે જો તમને લાગે કે રિમાન્ડ ખોટા હતા તો તે આદેશને હાઈકોર્ટમાં પડકારવો જોઈતો હતો. સિસોદિયાના બીજા વકીલ મોહિત માથુરે દલીલ કરી હતી કે ત્રણ દિવસના રિમાન્ડ બાદ રિમાન્ડ અરજીમાં કેટલાક નવા તથ્યો આવવા જોઈએ, પરંતુ આજે પણ તપાસ એજન્સીની દલીલ પહેલા દિવસે હતી તેવી જ છે. તેના પર કોર્ટે કહ્યું કે હવે જામીન અરજી પર ૧૦ માર્ચે બપોરે ૨ વાગ્યે સુનાવણી થશે. આ સાથે જ કોર્ટે સીબીઆઈને બચાવ પક્ષની દલીલોનો જવાબ દાખલ કરવા જણાવ્યું હતું. મનીષ સિસોદિયાએ પણ કોર્ટમાં પોતાનું નિવેદન આપ્યું હતું. તેમણે ખુદ જજને કહ્યું કે સીબીઆઈ વારંવાર એક જ પ્રશ્નો પૂછીને તેને હેરાન કરી રહી છે. સીબીઆઈ પર પૂછપરછના બહાને તેને ટોર્ચર કરવાનો આરોપ લગાવ્યો હતો.

કૌભાંડને અંજામ આપવા માટે દિલ્હીમાં દારૂની નીતિ બદલવાના આરોપોનો સામનો કરી રહેલા મનીષ સિસોદિયાની સીબીઆઈ દ્વારા ૨૬ ફેબ્રુઆરીએ આઠ કલાકની પૂછપરછ બાદ ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ અગાઉ પણ સિસોદિયાની અનેક રાઉન્ડ પૂછપરછ કરી હતી. પરંતુ કેન્દ્રીય એજન્સીએ ગયા અઠવાડિયે એમ કહીને ધરપકડ કરી હતી કે સિસોદિયા તપાસમાં સહકાર આપી રહ્યા નથી. બીજા દિવસે ૨૭ ફેબ્રુઆરીએ, એજન્સીએ સિસોદિયાને કોર્ટમાં રજૂ કર્યા અને તેની કસ્ટડી માંગી હતી. જે મંજૂર કરવામાં આવી. કોર્ટે સીબીઆઈને સિસોદિયાની પાંચ દિવસની કસ્ટડી મંજૂર કરી હતી, જે શનિવારે પૂરી થઈ હતી. આ કારણોસર નિયમ મુજબ તેમને રવિવારે ફરીથી કોર્ટમાં રજૂ કરવા પડ્યા હતા.

મનીષ સિસોદિયાને શનિવારે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સીબીઆઈએ દારૂ નીતિ કેસમાં ધરપકડ કરાયેલા સિસોદિયાને કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં સીબીઆઈએ કોર્ટ પાસે સિસોદિયાના ત્રણ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. સીબીઆઈએ કહ્યું કે સિસોદિયા તપાસમાં સહકાર નથી આપી રહ્યા. તપાસ અધિકારીઓએ પૂછેલા પ્રશ્નોના જવાબ આપતા નથી.તેના પર કોર્ટે કહ્યું કે અસહકાર રિમાન્ડનો આધાર કેવી રીતે હોઈ શકે. બીજી તરફ સિસોદિયાના વકીલે કહ્યું કે અસહકાર રિમાન્ડ માટેનું કારણ નથી. સુનાવણી દરમિયાન, સીબીઆઈએ એવી પણ દલીલ કરી હતી કે સિસોદિયાનો કેસના તમામ આરોપીઓ સાથે સામનો કરવાનો બાકી છે.મનીષ સિસોદિયાની રાઉઝ એવન્યુ કોર્ટ, ડીડીયુ માર્ગ ખાતે હાજર કરવાને ધ્યાનમાં રાખીને દિલ્લી પોલીસ દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. દિલ્લી પોલીસ હેડક્વાર્ટરના જણાવ્યાનુંસાર, પોલીસકર્મીઓને સવારે પાંચ વાગ્યે ફરજ પર તહેનાત થવાના આદેશ આપવામાં આવ્યા હતો. પોલીસે આ વિસ્તારના ઘણા રસ્તાઓ બંધ કરવાનો નિર્ણય લીધો હતો સીબીઆઇ હેડક્વાર્ટરની આસપાસ સુરક્ષા વ્યવસ્થા કડક કરી છે. નજીકના તમામ રસ્તાઓ પર બેરિકેડ લગાવીને ચેકિંગ કર્યા પછી જ લોકોને જવા દેવાયા હતાં

# સુપ્રીમ કોર્ટનો આદેશ નિષ્પક્ષતા અને ચુંટણી પંચની તસવીર વધુ સારી કરશે : પૂર્વ મુખ્ય ચુંટણી કમિશ્નરો

નવીદિલ્હી,તા.૪

મુખ્ય ચુંટણી કમિશ્નર અને ચુંટણી કમિશ્નરોની નિયુક્તિ પર સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય સંભળાવ્યો છે.આ નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે ત્રણ સભ્યોનની કમિટી મુખ્ય ચુંટણી કમિશ્નર અનો ચુંટણી કમિશ્નરોની નિયુક્તિ કરશે કમિટીમાં વડાપ્રધાન,લોકસભામાં વિરોધ પક્ષના નેતા અનો સીજેઆઇની પેનલ સામેલ થશે સુપ્રીમ કોર્ટના નિર્ણયને લઇ બે પૂર્વ મુખ્ય ચુંટણી કમિશ્નરોએ કહ્યું કે કોર્ટનો નિર્ણય ચુંટણી પંચની સ્વતંત્રતાની બાબતમાં જનતાની ધરણાને પ્રોત્સાહન આપશે

જુલાઇ ૨૦૧૦થી જુન ૨૦૧૨ સુધી મુખ્ય ચુંટણી કમિશ્નર અને જુન ૨૦૦૯થી પહેલા ચુંટણી કમિશ્નર રહેલ એસ વાઇ કુરૈશીએ આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા વ્યકત કરતા કહ્યું કે સુપ્રીમ કોર્ટના આદેશથી લાંબા સમયથી લંબિત માંગને પુરૂ કરવામાં આવી છે.તેમણે કહ્યું કે અમે ૨૦ વર્ષથી તેની માંગ કરી રહ્યાં હતાં.અમને આશા છે કે સરકાર અદાલતની સલાહ અનુસાર તેને સંસદમાં લઇને આવશે

ઓ પી રાવત જે ૨૦૧૫થી ૨૦૧૮ સુધી ચુંટણી કમિશ્ર હતાં અનો ત્યારબાદ જાન્યુઆરી ૨૦૧૮થી ડિસેમ્બર સુધી મુખ્ય ચુંટણી કમિશ્નર કમિશ્નર હતાં તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય બેસ્ટ કોર્સ છે જે અદાલત જ લઇ શકતી હતી.તેમણે કહ્યું કે સરકારની પાસે બે વિકલ્પ હશે કોલેજિયમની સાથે જવું જેવું કે સુપ્રીમ કોર્ટે કહ્યું છે અથવા એક કાનુન બનાવે.કોઇ પણ રીત સરકાર પર કાર્યવાહી કરવાનું દબાણ હશે.સુપ્રીમ કોર્ટના આદેશ નિષ્પક્ષતા અને ચુંટણી પંચની તસવીરને વધુ સારૂ કરશે.

તેમણે કહ્યું કે જયારે ચુંટણી પંચના કામકાજની વાત આવે છે તો સ્વતંત્ર અને નિષ્પક્ષ ચુંટણી કરાવવા માટે તમામ દ્વારા તેની પ્રશંસા કરવામાં આવે છે.સુપ્રીમ કોર્ટનો નિર્ણય ફેબ્રુઆરી ૨૦૨૪માં લાગુ થશે જયારે ચુંટણી કમિશ્નર અનૂપ ચંદ્ર પાડેનો કાર્યકાળ સમાપ્ત થશે

સુપ્રીમ કોર્ટની પાંચ સભ્યોની બેંચે કહ્યું કે આ ત્રણેય સભ્યોની કમિટીના નામોની ભલામણ રાષ્ટ્રપતિ કરશે ત્યારબાદ રાષ્ટ્રપતિ તેના પર મહોર લગાવશે.

ન્યાયાલયે પોતાના આદેશમાં સ્પષ્ટ કહ્યું છે કે આ પ્રક્રિયિા ત્યારે લાગુ રહેશે જયા સુધી સંસદ ચુંટણી કમિશ્નરોની નિયુક્તિને લઇ કોઇ કાનુન બનાવે નહીં સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું છે કે ચુંટણી કમિશ્નરોની પંસદગી પ્રક્રિયા સીબીઆઇ ડાયરેકટરની જેમ થવી જોઇએ

# દેશની તિજોરીમાં ૧ મહિનામાં ૧૫૦૦ કરોડ ડોલરનું ગાબડું

મુંબઇ,તા.૪

ભારતીય રિઝર્વ બેંક – આરબીઆઈએ વિદેશી મુદ્રા ભંડારને લઈને ડેટા જાહેર કર્યો છે, જે મુજબ સતત ચોથા સપ્તાહે દેશના વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો જોવા મળ્યો છે. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડાર ૩૨૫ મિલિયન ડોલર ઘટીને ૫૬૦.૯૪૨ બિલિયન ડોલર થઈ ગયું છે. છેલ્લા ચાર સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડારમાં ૧૫ અબજ ડોલરથી વધુનો ઘટાડો થયો છે. ઉલ્લેખનીય છે કે ઓક્ટોબર ૨૦૨૧માં વિદેશી મુદ્રા ભંડાર ૬૪૫ બિલિયન ડોલરના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયો હતો.જોકે હાલમાં તે સતત ઘટાડાનો સામનો કરી રહ્યું છે.

આરબીઆઇ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડાર ૩૨૫ મિલિયન ડોલર ઘટીને ૫૬૦.૯૪ બિલિયન ડોલર પર આવી ગયું છે. જ્યારે તેના અગાઉના સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડાર ૫૬૧.૨૭ બિલિયન ડોલર રહ્યું હતું. ૧૦ ફેબ્રુઆરીના રોજ પૂરા થતા સપ્તાહમાં તે ૫૬૬.૯૪ બિલિયન ડોલર અને ૩ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ પૂરા થતા સપ્તાહમાં ૫૭૫.૨૭ બિલિયન ડોલર હતું. છેલ્લા ચાર સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડારમાં લગભગ ૧૫ અબજ ડોલરનો ઘટાડો થયો છે. ૧૦ ફેબ્રુઆરીએ વિદેશી મુદ્રા ભંડારમાં ૮.૩૧ અબજ ડોલરનો ઘટાડો થયો હતો, જે ૧૧ મહિનામાં સૌથી મોટો ઘટાડો હતો.

આરબીઆઈના જણાવ્યા અનુસાર આ જ સમયગાળામાં વિદેશી ચલણની સંપત્તિ ૧૬૬ મિલિયન ડોલર ઘટીને ૪૯૫.૯૦૬ બિલિયન ડોલર થઈ છે. ગોલ્ડ રિઝર્વમાં ૬૬ મિલિયન ડોલરનો ઘટાડો થયો છે. ગોલ્ડ રિઝર્વ ઘટીને ૪૧.૭૫૧ બિલિયન ડોલર થઈ ગયું છે જ્યારે જીડ્ઢઇ ૮૦ મિલિયન ડોલર ઘટીને ૧૮.૧૮૭ બિલિયન ડોલર થઈ ગયું છે. સ્ક્ષ પાસે જમા કરાયેલ અનામતમાં ૧૨ મિલિયન ડોલરનો ઘટાડો થયો છે અને તે ઘટીને ૫.૦૯૮ બિલિયન ડોલર પર આવી ગયું છે.

ઓક્ટોબર ૨૦૨૧માં વિદેશી મુદ્રા ભંડાર ૬૪૫ બિલિયન ડોલર ના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયું હતું. યુક્રેન પર રશિયાના હુમલા પછી ફુગાવા અને વિદેશી રોકાણકારોના વેચાણને કારણે અને વ્યાજ દરોમાં વધારો થવાને કારણે વિદેશી હૂંડિયામણ અનામતમાં ઘટાડો થયો છે. આ ઉપરાંત રૂપિયામાં નબળાઈ આવી ત્યારે આરબીઆઈએ રૂપિયાને પકડી રાખવા માટે તેના અનામતમાંથી ડોલર વેચવા પડ્યા હતા. શુક્રવારે રૂપિયો એક ડૉલરના મુકાબલે ૬૪ પૈસા મજબૂત થયો હતો અને ૮૧.૯૬ ના સ્તર પર બંધ થયો હતો.

# ઉત્તરપ્રદેશમાં સપાના નેતા પછાત અને દલિતોના હક માટે જાતીય વસ્તી ગણતરી પર ભાર મુકે છે

## જાન્યુઆરી ૨૦૨૪માં અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ કાર્ય પુરૂ થઇ જશે અને તેને સપામાં બેચેની

લખનૌ,તા.૪

ભાજપ તરફથી કહેવાતા ધાર્મિક ધ્રુવીકરણના જવાબમાં આગામી વર્ષ પ્રસ્તાવિત લોકસભા ચુંટણીઓ માટે રાજયમાં મુખ્ય વિરોધ પક્ષ સમાજવાદી પાર્ટીએ જાતીય ધ્રુવીકરણનો પ્રયાસ તેજ કરી દીધો છે.રાજનીતિક નિષ્ણાંત માને છે કે પડોસના રાજય બિહારની જેમ ઉત્તરપ્રદેશમાં પણ જાતીય વસ્તીગણતરી માટે દબાણ બનાવવાની સપાનો પ્રયાસ આ રણનીતિનો હિસ્સો છે.

બિહારમાં સાત જાન્યુઆરીથી રાજય સરકાર દ્વારા જાતિવાર વસ્તીગણતરી શરૂ કરાવ્યા બાદ ઉત્તરપ્રદેશના મુખ્ય વિરોધ પક્ષ સપા જાતિવાર વસ્તીગણતરીના મામલા પર વિધાનમંડળથી લઇ માર્ગ સુધી આંદોલન કરી રહી છે જયારે બસપા સહિત અન્ય વિરોધ પક્ષ તથા સત્તા પક્ષના સાથી આ માંગથી સહમત હોવા છતાં સપાને જ કઠેડામાં ઉભી કરતા નજરે પડી રહ્યાં છે. રાજનીતિક જાણકારોનું કહેવુ છેકે આગામી લોકસભા ચુંટણીને ધ્યાનમાં રાખી સત્તારૂઢ ભાજપના હિન્દુત્વને એકજુથની રણનીતિની વિરૂધ્ધ જાતીઓના ધ્રુવીકરણની એક કોશિસ છે.એક આંકડા અનુસાર ઉત્તરપ્રદેશમાં પછાત વર્ગ જાતિઓની વસ્તી ૫૨.૧૦ ટકા અને દલિતોની ૨૧ ટકા માનવામાં આવે છે અને સપાના નેતા પછાત અને દલિતોના હક માટે જાતીય વસ્તીગણતરી પર ભાર મુકી રહ્યાં છે.જયારે ભાજપ ૮૫ ટકા હિન્દુઓના મતોને પોતાના પક્ષમાં કરવાના અભિયાનમાં સક્રિય છે.એક રાજકીય જાણકારના જણાવ્યા અનુસાર જાન્યુઆરી ૨૦૨૪માં અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ કાર્ય પુર થઇ જશે અને તેનાથી સમાજવાદી પાર્ટીમાં બેચેનની છે કારણ કે આવનાર ચુંટણીમાં તેને ભાજપના પક્ષમાં હિન્દુઓનું ધ્રુવીકરણ થઇ શકે છે આજ કારણ છે કે સપા પછાત વર્ગને પોતાની તરફ કરવાના અભિયાનમાં લાગી ગઇ છે.સપાએ તેને લઇ ચારેબાજુ તૈયારી શરૂ કરી દીધી છે.એક તરફ સપાએ વિધાનસભામાં જોરદાર રીતે આ મુદ્દે ઉઠાવ્યો છે તો આ માંગ પર ભાર મુકવા માટે સપા નેતા પહેલા તબક્કામાં અન્ય પછાત વર્ગ સહિત તમામ જાતિઓને જાગૃત કરવા માટે પ્રવાસ કર્યો છે.પોતાના ધોષણાપત્રનો ઉલ્લેખ કરતા સપા પ્રમુખ અખિલેશ યાદવે વિધાનસભામાં ફરીથી માંગ રાખી કે જાતીગત વસ્તી ગણતરી કરવી જોઇએ સપાના ધોષણાપત્રમાં પણ આજ વચન આપવામાં આવ્યું હતું કે તેમની સરકાર બની તો આ દિશામાં પગલા ઉઠાવવામાં આવશે.આ પહેલા વિધાનસભામાં જ પ્રશ્નોતરી દરમિયાન સપા સભ્ય ડો.સંગ્રામ યાદવે સરકારને પુછયું કે શું તે બિહાર સરકારની જેમ ઉત્તરપ્રદેશમાં પણ





જાતીગત વસ્તીગણતરી કરાવશે તો સરકાર તરફથી તેનો ઇન્કાર કરવા પર સપાના સભ્યોએ ભારે હંગામો કર્યો હતો. દરમિયાન બસપાના પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ રાષ્ટ્રીય સ્તર પર જાતીગત વસ્તીગણતરીનું સમર્થન કર્યું પરંતુ સાથે જ કહ્યું કે સપા માટે એ સાર હોત કે તે આ કાર્યને પોતાની સરકારમાં જ પુરૂ કરી લેત.ભાજપના સાથી પક્ષ અપના દળ એસના કાર્યકારી અધ્યક્ષ અને રાજય સરકારમાં પ્રૌદ્યોગિક શિક્ષા મંત્રી આશીષ સિંહ પટેલ,નિષાદ પાર્ટીના નેતા અને પ્રદેશ સરકારના મત્સ્ય મંત્રી ડો.સંજય નિષાદ અને વિરોધ પક્ષ સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના અધ્યક્ષ અને પૂર્વ મંત્રી ઓમપ્રકાશ રાજભરે અલગ અલગ નિવેદનોમાં જાતીગત વસ્તીગણકરીનું સમર્થન કર્યું છે પરંતુ આ તમામ નેતાઓએ સપાને કઠેડામાં ઉભી કરતા કહ્યું કે ચાર વખત સત્તામાં રહેવા છતાં આખરે સપાએ જાતીગત વસ્તુ ગણતરી કેમ ન કરાવી.સપા પર આરોપ લગાવવા પર સપા પ્રમુખે સ્પષ્ટતા કરતા કહ્યું કે એ યાદ હશે કે લોકસભામાં તે સમયે મુલાયમ સિંહ યાદવ,શરદ પવાર લાલુ પ્રસાદ યાદવ અને દક્ષિણ ભારતના નેતા કોંગ્રેસની પાસે ગયા હતાં કે જાતીગત વસ્તી ગણતરી થાય

# સોશિયલ મીડિયા/ સોશિયલ મીડિયાના જમાનામાં સત્યનો ભોગ લેવાયો છે: મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચુડસિંહ

નવીદિલ્હી,તા.૪

મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડે સોશિયલ મીડિયાના ફેલાવાને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે ફેક ન્યૂઝના જમાનામાં શિકાર સત્ય થયું છે. આના પરિણામે એવી સ્થિતિઓ સર્જાઈ છે કે ક્યારેક જે કંઈ પણ કહેવામાં આવે છે અથવા સાંભળવામાં આવે છે, તેની તાર્કિક આધાર પર પુષ્ટિ કરવી ક્યારેય શક્ય નથી. નોંધપાત્ર રીતે, સીજેઆઇ ચંદ્રચુડ અમેરિકન બાર એસોસિએશન ઈન્ડિયા કોન્ફરન્સ ૨૦૨૩માં વૈશ્વિકરણના યુગમાં કાયદો વિષય પર તેમનું વ્યાખ્યાન આપી રહ્યા હતા. ભારતના મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડના કહેવા પ્રમાણે, અમે એવા યુગમાં છીએ જ્યાં લોકોમાં ધીરજ અને સહનશીલતાનો અભાવ જોવા મળી રહ્યો છે. આનું કારણ એ છે કે તેઓ આવા દષ્ટિકોણને સ્વીકારવા માંગતા નથી જે તેમના દષ્ટિકોણથી અલગ હોય. આ દરમિયાન તેમણે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. સીજેઆઈએ કોવિડ-૧૯, ન્યાયિક વ્યવસાયનો સામનો કરી રહેલા મુદ્દાઓ અને વધુ મહિલા ન્યાયાધીશો સહિત સંખ્યાબંધ મુદ્દાઓ પર ચર્ચા કરી અને અનેક બાબતોની છણાવટ કરી.આ દરમિયાન સીજેઆઈએ કહ્યું કે ખોટા સમાચારોના યુગમાં સત્યની અસર થઈ રહી છે. તેમણે કહ્યું કે સોશિયલ મીડિયાના પ્રસાર સાથે, બીજ તરીકે જે પણ કહેવામાં આવે છે, તે સમગ્ર સિદ્ધાંતને અંકુરિત કરે છે. તેને વિજ્ઞાનના આધારે તર્કસંગત રીતે ચકાસવું ક્યારેય શક્ય નથી. તેમણે કહ્યું કે વૈશ્વિકરણ વિરોધી ભાવનામાં વધારો થયો છે. તેની શરૂઆત ૨૦૦૧ના આતંકવાદી હુમલાથી થઈ હતી.

ચંદ્રચુડના જણાવ્યા અનુસાર, કોવિડ-૧૯એ અત્યાર સુધી વૈશ્વિક મંદીનો માહોલ સર્જ્યો હતો, પરંતુ તેણે અંધકારમાં એક તક બતાવી. તેમણે કહ્યું, “વિડિયો કોન્ફરન્સિંગથી ન્યાયનું વિકેન્દ્રીકરણ થયું છે અને તેનાથી ન્યાય સુધી લોકોની પહોંચને પ્રોત્સાહન મળ્યું છે.”

આ દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ પણ પોતાનું સંબોધન આપ્યું હતું. તેમણે કહ્યું કે સ્થાનિકીકરણ સાથે વૈશ્વિકરણનું મોટું ઉદાહરણ એ છે કે જ્યારે આપણે કોરોનાનો સામનો કર્યો હતો. તેમણે કહ્યું કે એક-બે દેશો સિવાય કોઈની પાસે તેમની રસી નથી.

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# અપેક્ષા અનુરૂપ ચૂંટણી પરિણામો

પૂર્વોત્તરનાં ત્રણ રાજ્યોની વિધાનસભા ચૂંટણી પરિણામોમાં ચોંકાવનારું કોઈ તત્ત્વ નથી. વાસ્તવમાં પરિણામ લગભગ આશા અનરૂપ જ છે. ત્રણેય રાજ્યો ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયનાં ચૂંટણી પરિણામોને એક સાથે જોઈએ તો કેટલીક વાતો સ્પષ્ટ થઈ જાય છે. એક, ભાજપની સીટો કોઈ રાજ્યમાં થોડી ઓછીવત્તી હોય, મત ટકાવારીમાં થોડુંઘણું અંતર આવી ગયું હોય, પણ તે હવે પૂર્વોત્તરની મુખ્ય સ્થાપિત પાર્ટી થઈ ગઈ છે. બીજું, એક સમયે પૂર્વોત્તર પર એકછત્ર રાજ કરનાર કોંગ્રેસ પાર્ટીની ક્ષરણ પ્રક્રિયા સતત ચાલુ છે. ત્રીજું, પૂર્વોત્તરમાં તૃણમૂલના એક મુખ્ય પાર્ટી રૂપે ઉભરવાની આશા પણ ધરાશાયી થઈ છે. વિચારો કે જો ત્રિપુરામાં ડાબેરી પક્ષો અને કોંગ્રેસ મળીને પણ ભાજપને સત્તામાંથી બહાર કરવામાં સફળ ન થયા તો તેનો મતલબ શો થયો? ગઈ ચૂંટણીમાં જોકે માકપા નેતૃત્વવાળો ડાબેરી મોરચો સત્તામાંથી બહાર થયો હતો, પરંતુ ભાજપ અને ડાબેરી મોરચાના મતોમાં વધુ અંતર ન હતું. આ કારણે ભાજપ વિરોધી અને ડાબેરી મોરચાના સમર્થકો એમ માની રહ્યા હતા કે ભલે જનતાએ સત્તાવિરોધી વલણમાં માકપાને બહાર કરી દીધી, પરંતુ આગામી ચૂંટણીમાં તેની વાપસી થઈ શકે છે. ચૂંટણી પરિણામોએ જણાવી દીધું કે ડાબેરી મોરચાનો ઉદય હવે શક્ય નથી. નિશ્ચિત રૂપે આ પરિણામનું ક્ષેત્રની સાથે સાથે રાષ્ટ્રીય રાજનીતિના સંદર્ભમાં પણ વિશ્લેષણ થશે. આખરે ૨૦૨૪ લોકસભા ચૂંટણીની દૃષ્ટિએ ભાજપ વિરોધી પાર્ટીઓ કેટલાય પ્રકારનાં સમીકરણો રચવાની કવાયતો કરી રહી છે તો આ ચૂંટણીની અસર એના પર ન પડે એવું સંભવ નથી. તો કેવી રીતે જોવામાં આવે આ ચૂંટણી પરિણામોને?

જોકે ત્રણેય રાજ્યોની ચૂંટણી મહત્ત્વપૂર્ણ હતી, દેશનું સૌથી વધુ ધ્યાન ત્રિપુરા તરફ હતું. આ પહેલું રાજ્ય હતું, જ્યાં ભાજપે પોતાની વિપરીત વિચારધારાવાળા ડાબેરી મોરચાને પહેલી વાર હરાવ્યો હતો. ભાજપના પૂર્વ મુખ્યમંત્રી વિપ્લવ દેવના શાસનકાળમાં ખુદ પાર્ટીની અંદર અસંતોષના સ્વર તથા સરકારની કેટલીક નીતિઓ વિરુદ્ઘ જનતામાં પણ વિરોધ જોવામાં આવ્યો. ભાજપે મે ૨૦૨૨માં તેમની જગ્યાએ માણિક સાહાને મુખ્યમંત્રી બનાવ્યા. નાગાલેન્ડ તરફ જોઈએ તો અહીં પણ ભાજપનું પ્રદર્શન સંતોષજનક રહ્યું. નેશનલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી સાથે ગઠબંધનમાં તે નાનકડી ભાગીદાર હતી. તેને ૨૦ જ સીટો લડવા માટે મળી, પરંતુ કેન્દ્રીય નેતૃત્વએ તેને કારણે પાર્ટીના સ્થાનિક એકમમાં વિરોધ અને અસંતોષ ઉભરવા ન દીધો. નાના ભાગીદાર થઈને પણ તેણે એનડીપીએસ સાથે મળીને એ જ તન્મયતાથી ચૂંટણી લડી જેવી તે અન્ય રાજ્યોમાં લડી રહી હતી.

# ખામોશ તહેકીકાત જારી થી, જારી હૈ ઔર જારી રહેગી જબતક

"મિ. ગિરધરલાલ યુ એન્ડ રાજુ રદી આજે જ નવી દિલ્હી પહોંચો. એકાઉન્ટ સેશનમાંથી સર્વોદય એક્સપ્રેસ ટ્રેનની સેકન્ડ કલાસની ટિકિટો અને રોજના રૂપિયા ૧૦૦ લેખે કન્વેયન્સ એલાઉન્સ મળી જશે. ડોન્ટ વેસ્ટ ટાઈમ. ખોટા રૂપિયાની જેમ પરમ દિવસે પાછા આવી જજો. સેર સપાટામાં ફિજુલ ટાઈમ બગાડતા નહીં. એસેમ્બલી ચાલુ છે. તેનું પણ કવરેજ તમારે કરવાનું છે.નાવ યુ કેન ગો!" આટલું કહી બખડજંતર ચેનલના કર્તા , હર્તા, સમાહર્તા, નુકસાનકર્તા બેમાથાળી બોસ બાબુલાલે ચાના કપમાં વળેલી તરને જમણા હાથની ત્રીજી આંગળીથી કપમાંથી બહાર કાઢી ચાથી ટપકતી તરવાળી આંગળી મોંમા મુકી તર બિલાડી ટાઈલ્સ પર પડેલ દૂધ ચાટે તેમ ચાટી ગયો!! ભૂખડ અને માખીચુસ કંજૂસ . પછી ઠંડી પડેલી ચા શરબતની જેમ ગાળના સબડકા ભરે તેમ એક શ્વાસે ગટગટાવી ગયો. હોઠ પરની ચા બુશકોટની ડાબી બાંય હોઠ લગી જઈ લૂંછી નાંખી. સામે હું ઉભો હતો તો કર્ટસી ખાતર પણ મને ચા ઓફર ન કરી.

હું ચેમ્બર (બોસની ચેમ્બરને ગેસ ચેમ્બર કહીએ છીએ. હિટલર જેવી ગેસ ચેમ્બર નહીં . એ સાલ્લો કરકસરના નામે રૂમ ફ્રેશનર વાપરતો નથી. એટલે એની ચેમ્બર વિવિધ પ્રકારના વાયુથી ગંધાતા રહે છે!!બહાર આવ્યો. બોસે આપેલું કવર ખોલ્યું. માનો આફતનું પડીકું ખોલ્યું. કવરમાં સીબીઆઈ , નવી દિલ્હી. સિસોદિયા -ખ્વાબ કેસ લખેલ!!

માર્યા ઠોર. પેન્ટાગોનમાં ઘૂસવા જેટલું દુષ્કર સીબીઆઈની સિક્યોરિટીના અભેદ કિલ્લામાં સેંધ મારવા જેવું કામ!!

હું અને રાજુ રદી યેનકેન પ્રકારેણ સીબીઆઈમાં દાખલ થયા. એક રૂમમાં સિસોદિયાની રીમાન્ડ ચાલી રહી હતી. એક ટેબલ પર પિત્ઝા, પાસ્તા, બર્ગર, ગ્રીલ સેન્ડવિચ, કોલ્ડડ્રિંક, ચા ,કોફી વગેરે રીમાંડની સામગ્રી હતી.

સીબીઆઈની કાલ્પનિક ઈન્ટ્રોગેશનની વિગતો માણો!!!

ઓફિસર," વેલકમ સર!"

સિસોદિયા હાથ જોડી અભિવાદન કરે છે.જોયું, સિસોદિયા કેવો અકડું છે. તપાસમાં સહકાર આપતો નથી. વેલકમના જવાબમાં થેંક્સ અગર ઓકે એમ બોલી શકયો હોત. બેટમજી અરવિંદના જોરે કૂદે છે.એને પણ લપેટવો પડશે!!એક રોલા જેવી એટલે કરમચંદ જાસૂસની કીટી જેવી બધી લખાપટી, તહેનતદારની વર્તણૂકનો એનાલીસીસ કરી રહી હતી!!

ઓફિસર," સિસોદિયા તમારું નામ શું છે?? ધરમ પાજી શોલેમા બસંતીને આવું જ કાંઈક પૂછેં છે-' બસંતી તેરા નામ કયાં હૈ??

" સિસોદિયા," પ્લીઝ સી યોર પેપર્સ!!" જોયું કેવી અવળચંડાઈ!! અસહકારની હદ હોય!! બેચાર શાળા બનાવી એમાં આટલો ઘમંડ. આપણા સાહેબે કેટલી વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી દેખાડી.,સાહેબનાં લેશમાત્ર ઘમંડ છે?? સિસોદિયા મોટા સાહેબ પાસેથી થી નમ્રતા શીખો!!સીધેસીધું નામ બોલે તો એલજી( લેફ્ટેનન્ટ ગવર્નર .લેફ્ટેનન્ટ ગવર્નર તો લશ્કરમાં હોય.,નેશનલ કેપિટલ સિટીમાં એલ.જી કા કયાં કામ હૈ!!

ઓફિસર ," સિસોદિયા અત્યારે શું છે?"

સિસોદિયા," સવાલ અસ્પષ્ટ છે. ચોક્કસ બાબત પૂછો.

વેગ સવાલ ન પૂછો. યુ આર વેસ્ટિંગ અવર પ્રેસિયસ ટાઈમ. ટાઈમ ઈઝ મની!!" સાલાએ લાંબું ભાષણ ભરડી નાંખ્યું!

ઓફિસર ," હું કહું દિવસ છે તમે શું કહેશો??"

સિસોદિયા, "મારે, અરવિંદને પૂછવું પડશે!!" જોયું આટલો સરળ સવાલ પણ કેવો ગપચાવી ગયો. તપાસમાં સહકાર આપવા જ માંગતો નથી

ત્યાં સેવક કૂકીઝ,,સેન્ટવીચ લઈને આવ્યો.

સિસોદિયા," હું ખાતો નથી., હું ખાવા દેતો નથી."

ઓફિસર," આ તો મોટા સાહેબનો તકિયા કલામ છે."

સિસોદિયા," હું પીતો નથી!"

ઓફિસર ," સર તમે પીતા નથી, તો પણ એક અબજનું સ્કેમ કર્યું. તમે પીતા હો તો કેટલા અબજોનું સ્કેમ કર્યું હોત! તમે ન ખાઈ પીને તપાસમાંસહકાર આપતા નથી"

સિસોદિયા ," હમમ"

ઓફિસર," ખ્વાબ નીતિ વિશે વાત કરો."

સિસોદિયા," સર ,પ્લીઝ સી ઈન નોટીસ ઈનર પેજ ૧૧૮૭ -૧૧૮૯ . બધી વિગતો છે." આમાં પણ મારો બેટો સીધો જવાબ આપતો નથી. બગાસુ ખાવા કે પાણી પીવા નાછૂટકે અને નાઈલાજે મોઢું ખોલે છે. આના કરતાં તો ઉનાળામાં હાંફવા શ્વાન વધારે સમય મોંઢું ખોલે છે!!

ઓફિસર," તમે ખ્વાબનીતિથી જીએસટીની આવકને કમરતોડ ફટકો માર્યો છે. તમે રાજયની રાજસ્વમાં આઠ હજાર કરોડનું નુકસાન કર્યું છે. અમારી સરકાર આવક વધારવા તનતોડ મહેનત કરે છે. અમે સુલભ શૌચાલયના વપરાશના યુઝર ચાર્જ પર અઢાર ટકા ગબ્બર સિંગ ટેકસ લગાડયો છે. હવે અઠાવીસ ટકા જીએસટી કરવાના છીએ.સરકાર માટે કાયમી આમદાની ઉભી કરી છે.શું જવાબ છે તમારો??

સિસોદિયા ," અમારી સરકાર મજદૂર, પાનવાળા, ચાવાળા રેંકડીવાળા, રેવડીવાળા( અહીં તમે જે સમજો છો એ રેવડીની વાત છે.એટલે ગદારોને ગોળી મારવાની વાતનો મતલબ નથી. )અમે દરેક લોકો ભય, ભૂખ, ભ્રષ્ટાચાર વિના સૌના સાથ સૌના પ્રયાસથી કલરફૂલ નહીં પણ શ્વેતશ્યામ સપના જુવે, સપના પાછળ ભાગે તેવી અમારી નેમ છે!!"

ઓફિસર," આ નીતિ તમે બહાર પાડી, પાછી રદ કરી એનો મતલબ શું છે??

સિસોદિયા," રાજ્ય સરકારના કામકાજના નિયમો મુજબ અમને પાવર છે. અમે ધારીએ ત્યારે સુધારા કરી શકીએ. એલજી સાહેબ અમારા કામમાં ટાંગ ન અડાડી શકે. અમે શહીદ ભગતસિંહના સંતાનો છીએ . અમે એલજીને ગણતા નથી, ગણવાના પણ નથી!!અમે અરાજકતાવાદી નથી!!"

ઓફિસર ," આ ખ્વાબ પોલિસી માટે કોણ જવાબદાર છે?"

સિસોદિયા," નો કોમેન્ટ"

ઓફિસર," બળદિયા યુ હેવ ટુ આન્સર ઈટ!"

સિસોદિયા," આ નીતિ માટે અન્ના હજારે જવાબદાર છે. મૌની બાબા મનમોહનસિંહ જવાબદાર છે. અમારી ફાઈલ એલજીએ મંજૂર કરી તે પણ જવાબદાર છે!!!"

આટલા ઈન્ટ્રોગ્રેશન પછી પણ સીબીઆઈએ કોર્ટમાં રિપોર્ટ કે આરોપી તપાસમાં સહકાર આપતા નથી. સવાલોના જવાબ ગોળ ગોળ આપે છે, પરંતુ,

જવાબ લંબચોરસ, ચોરસ, ત્રિકોણ કાટકોણ કે ષટ્કોણ આપતા નથી!!!

અધૂરામાં પૂરું એમસીડીમાં મેદાન મારી ગયા. પંદર વરસથી ખુરશી પર ચિટકી ગયા છે પણ ઊખડતા નથી!!ખામોશ તહેકીકાત જારી થી, જારી હૈ ઔર જારી રહેગી જબતક દિલ્હીમે હમારી સરકાર નહીં બનેગી!!!

ભરત વૈષ્ણવ

( આ લેખ કાલ્પનિક છે. હાસ્ય નિષ્પન્ન કરવાના હેતુસર લખેલ છે. મહેરબાની કરી બંધબેસતી પાઘડી પહેરવી નહીં!!)

# સામાન્ય, સામાન્ય, નાના વરિષ્ઠ શેરધારકોની સમસ્યાઓના નિરાકરણ માટે પ્રવર્તમાન કાયદા હેઠળ નક્કર સૂચનો



મારા ઘણા વરિષ્ઠ મિત્રો ફિઝિકલ શેર વિશે ખૂબ જ ચિંતિત છે, જો કે સેબીએ રોકાણકારોના ફાયદા માટે નિયમોમાં કેટલાક સુધારા કર્યા છે, પરંતુ તેમ છતાં હું અત્યંત જરૂરી સુધારા પર સમસ્યા જણાવીને નિદાન માટે કેટલાક સૂચનો સૂચવી રહ્યો છું. તે તમામ વરિષ્ઠ મિત્રોનું માનવું છે કે મોદીજી માત્ર ગુજરાતી અને હિન્દીમાં જ વાત કરતા નથી, પરંતુ સમય અનુસાર તેમના સંબોધનમાં હિન્દી અને ગુજરાતી બંને ભાષાને પણ મહત્વ આપે છે.આ ઉપરાંત એ વાત પણ જાણીતી છે કે મોદીજી એક સંવેદનશીલ વ્યક્તિ છે અને સામાન્ય જનતાને રાહત આપવામાં તેઓ હંમેશા આગળ રહે છે.તેમના કારણે જ દરેક જગ્યાએ સ્વ-પ્રમાણિત દસ્તાવેજો સ્વીકારવામાં આવી રહ્યા છે. તેથી, હવે ઉપરોક્ત સમસ્યા પણ મોદીજીના ધ્યાન પર લાવવાની જરૂર છે, તો જ આપણને થોડી રાહત મળશે.

ઉપરોક્ત હકીકતોના આધારે, મિત્રોએ મને વિનંતી કરી કે સૌ પ્રથમ સામગ્રીના શેરને લગતી પીડાને અમારી ભાષામાં વિગતવાર વર્ણવો અને અમને રાહત આપી શકે તેવા સૂચનો સાથે પ્રકાશન માટે મોકલો. આ પછી આપણે સૌએ પોતપોતાની ભાષામાં વ્યક્ત કરેલી પીડાને આપણા સ્તરે વડાપ્રધાન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવો જોઈએ.આપણે બધા માત્ર ડીમેટની તરફેણમાં નથી પરંતુ તમામ ભૌતિક શેરોને ડીમેટમાં રૂપાંતરિત કરવા માંગીએ છીએ. આ માટે, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય [MCA] ને વિનંતી કરવામાં આવે છે કે તેઓ માત્ર વ્યવહારુ તથ્યો જ નહીં, પરંતુ નિદાનની વ્યવસ્થા પણ કરે, અન્યથા વરિષ્ઠોની રોકાણ કરેલી મૂડીને નુકસાન થઈ શકે છે. જો તેઓને તેની જરૂર હોય તો તેમના જીવનકાળ દરમિયાન કોઈપણ સમયે ઉપયોગ કરવામાં આવશે

અમારા રાજકીય/આર્થિક/સ્ટૉક એક્સચેન્જ નિષ્ણાતો દ્વારા અમને હંમેશાં કહેવામાં આવ્યું છે કે શેરોમાં રોકાણ કરવાથી માત્ર સારું વળતર જ નહીં મળે પણ રાષ્ટ્ર નિર્માણમાં પણ મદદ મળશે. તેમની સલાહને ધ્યાનમાં રાખીને, અમે છેલ્લા ૫૦/૬૦ વર્ષથી શેરોમાં રોકાણ કરીએ છીએ, એટલે કે સમયાંતરે ટેક્સ ચૂકવ્યા પછી, અમે જે કંઈ બચત કરી શકીએ તે શેરમાં મૂકીએ છીએ અને ક્યારેય જમીન/સોનું/બેંકમાં ફિક્સ ડિપોઝિટ નથી કરી. ધ્યાન પણ આપશો નહીં.

અમે અમારા જીવનસાથી, પુત્ર, પુત્રી સિવાયના પરિવારના કોઈપણ સભ્ય સાથે ભવિષ્યના હેતુથી તેમજ સુરક્ષાના હેતુથી સંયુક્ત નામે શેર ધરાવીએ છીએ.

અમે અમારા જીવનસાથી, પુત્ર, પુત્રી સિવાયના પરિવારના કોઈપણ સભ્ય સાથે ભવિષ્યના હેતુથી તેમજ સુરક્ષાના હેતુથી સંયુક્ત નામે શેર ધરાવીએ છીએ.

અમે અમારા જીવનસાથી, પુત્ર, પુત્રી સિવાયના પરિવારના કોઈપણ સભ્ય સાથે ભવિષ્યના હેતુથી તેમજ સુરક્ષાના હેતુથી સંયુક્ત નામે શેર ધરાવીએ છીએ.

આથી આ લેખનો એકમાત્ર હેતુ સત્તાવાળાઓને હકીકતની સાચી સ્થિતિથી વાકેફ કરવાનો છે કે શા માટે ભૌતિક શેરોની ટ્રાન્સફરની ક્ષમતામાં થોડી છૂટછાટની જરૂર છે. અને તેની સાથે એ પણ વિનંતી કરવામાં આવશે કે વરિષ્ઠોને સંયુક્ત ધારકની માત્ર એક જ સહી જરૂરી છે, તેથી સંયુક્ત નામોમાં પરસ્પર ટ્રાન્સફરની સુવિધા ચાલુ રાખવી જોઈએ જેથી વરિષ્ઠ લોકો તેમના ડીમેટ ખાતાઓને ડીમેટ ખાતામાં બદલી શકે.

કોર્પોરેટ અફેર્સ મંત્રાલય ચસ્ઞ્ઝછૃ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) બંનેએ ભૌતિક શેરના ટ્રાન્સફર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો હોવાથી નાના વરિષ્ઠ શેરધારકોની સમસ્યા વધી છે. તેથી જ અહીં સંક્ષિપ્તમાં દર્શાવેલ હકીકતો પર ધ્યાન આપવા દરેકને વિનંતી છે.

જેમ કે તમે બધા જાણો છો કે અનલિસ્ટેડ કંપનીઓના ફિઝિકલ શેર્સ છે જેની સાથે કોર્પોરેટ બાબતોના મંત્રાલય [MCA] દ્વારા વ્યવહાર કરવામાં આવે છે અને આશ્ચર્યજનક રીતે નાના વરિષ્ઠ નાગરિકો પાસે પણ એવા શેર છે જે તેઓને લિસ્ટેડ થયા પછી ઘણી વખત પબ્લિક ઈશ્યુ દ્વારા મળ્યા હતા, તેઓએ નિયમોનો લાભ લીધો હતો અને ડીલિસ્ટ કરવામાં આવ્યા હતા અને તેઓ આજે વરિષ્ઠોની સમસ્યાઓનું કારણ છે. આ બધાને કારણે, આજે પણ મોટા ભાગના વરિષ્ઠો નોંધપાત્ર સંખ્યામાં ભૌતિક શેરોના માલિક હશે.

તમામ વરિષ્ઠ નાના શેરધારકો તેમના શેરને ડીમટીરિયલાઈઝ કરવા માંગે છે પરંતુ તેઓ પોતાની સમસ્યાઓને કારણે તેમ કરી શકતા નથી. જો સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય ચસ્ઞ્ઝછૃ તેમની સમસ્યાઓનું ધ્યાન રાખે, તો ડીમેટ પ્રક્રિયા ચોક્કસપણે ઝડપી બનશે.

હવે પ્રથમ તેમની કેટલીક મુખ્ય સમસ્યાઓનો વિચાર કરો -

૧) નાના વરિષ્ઠ રોકાણકારોને સ્થાનાંતરણને કારણે હંમેશા કંપનીઓ વિશે સાચી માહિતીનો અભાવ હોય છે -

છૃ જેમની નોકરીમાં ટ્રાન્સફર થતી રહે છે, તેમના શેર ક્યાંક તેમના બાળકો પાસે પડેલા હોય છે તો ક્યાંક ગામડાના લોકોના ઘરે પડેલા હોય છે, આ બધાને કારણે પોસ્ટ ઓફિસમાં તકલીફ પડે છે જેના કારણે સાચી માહિતી મળતી નથી.

તે સિવાય, ઘણી કંપનીઓએ તેમના નામ બદલી નાખ્યા અને કેટલીક અન્ય સાથે મર્જ થઈ ગઈ

આ સિવાય શેરના ભાવમાં ફેરફાર પણ મુશ્કેલી આપી રહ્યો છે.

કંપનીઓના સરનામા પણ બદલાયા છે અથવા રજિસ્ટ્રાર બદલાયા છે.

ઘણી કંપનીઓ વેચવામાં આવી હતી અને કેટલીક ખાનગીમાં ફેરવાઈ હતી.

ક્ષ્ઠૃ સંયુક્ત નામવાળા પુત્ર/પુત્રી સાથે રહેતા નથી એટલે કે બધા અલગ છે.

૨) શેર પતિ અને પત્નીના સંયુક્ત નામે હોય છે. કોઈપણ કારણોસર બંને અલગ-અલગ રહે છે એટલે કે છૂટાછેડા પણ લીધા નથી અને તમામ પરસ્પર સંબંધો સ્થગિત છે.૩) તેના/તેણીના પુત્ર/પુત્રી સાથે સંયુક્ત નામે શેર ધરાવે છે અને પુત્ર/પુત્રી અભ્યાસ માટે વિદેશ ગયો છે અને પરત નથી આવતો અથવા લગ્ન પછી વિદેશ ગયો છે અને ક્યારે પરત ફરવું તેની ખાતરી નથી.

૪) પિતા/માતાના મૃત્યુ પછી, બાળકોના સંયુક્ત નામના હિસ્સા પર તેમની પરસ્પર અસહિષ્ણુતાને કારણે સમસ્યા છે.

૫) કેટલાક શેર એવા છે જે ડીમેટેડ છે, તો ડીપી જે ચાર્જ લેશે તે તે શેરની બજાર કિંમત કરતા વધારે છે, તો આ સ્થિતિમાં તમારે તેને વેચતી વખતે નુકસાન સહન કરવું પડશે. આ સિવાય જો રોકાણ કરેલી રકમને ડીમેટ ચાર્જીસમાં ઉમેરવામાં આવે તો નુકસાન વધુ થશે.

એવી ઘણી કંપનીઓ છે જે શેરબજારમાં એટલે કે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ થઈ ગઈ છે અને ડિલિસ્ટ થઈ ગઈ છે જેના કારણે નાના વરિષ્ઠ શેરધારકો સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે જેનું નિવારણ કોર્પોરેટ અફેર્સ મંત્રાલય ચસ્ઞ્ઝછૃ દ્વારા કરવું જોઈએ અન્યથા નાના વરિષ્ઠ શેરધારકો આમાંથી પુનઃપ્રાપ્ત કરી શકશે નહીં. આવી સમસ્યાઓ.

૭) અનલિસ્ટેડ ચઅનલિસ્ટેટૃ કંપનીઓના સરનામાં મેળવવી એ એક મોટી સમસ્યા છે, તે પછી જો શેર કોઈપણ કામ માટે જમા કરવામાં આવે છે, તો મોટા ભાગે તેઓ પાછા નહીં આવે અને જો તેઓ તેને ઘણા પ્રયત્નો કરીને પાછા મેળવે તો પણ, તે અડધા કામ તરીકે પ્રતિબિંબિત થશે

૮) એવી ઘણી કંપનીઓ છે જેમણે સેબીની કડક સૂચનાઓ પછી ડીમેટ પ્રક્રિયા શરૂ કરી છે એટલે કે તેમના શેર પહેલા ડીમેટ પ્લેટફોર્મ પર નહોતા. એટલે કે, ઘણી કંપનીઓએ હવે એટલે કે થોડા સમય પહેલા ૈંજીૈંદ્ગ નંબર મેળવ્યો છે અને ડીમેટ પ્રક્રિયા શરૂ કરી છે. થઈ ગયું

૯) ઘણી કંપનીઓ એક જ ડિપોઝિટરી સાથે સંબંધિત છે જેનો અર્થ એ છે કે જો ડીમેટ એકાઉન્ટ સમાન ડિપોઝિટરી સાથે સંબંધિત હોય તો તે દંડ છે અન્યથા ડીમેટ શક્ય નથી.

ઉપર જણાવેલ કારણોને લીધે, શેરબજારમાં રોકાણ કરનારા લાખો રોકાણકારો પાસે હજુ પણ ભૌતિક સ્વરૂપમાં કંપનીઓના શેર છે. અખબારો ચજે સમયાંતરે વાંચવા મળે છૃ) ઘણી કંપનીઓ એક જ ડિપોઝિટરી સાથે સંબંધિત છે જેનો અર્થ એ છે કે જો ડીમેટ એકાઉન્ટ સમાન ડિપોઝિટરી સાથે સંબંધિત હોય તો તે દંડ છે અન્યથા ડીમેટ શક્ય નથી. ઉપર જણાવેલ કારણોને લીધે, શેરબજારમાં રોકાણ કરનારા લાખો રોકાણકારો પાસે હજુ પણ ભૌતિક સ્વરૂપમાં કંપનીઓના શેર છે. અખબારો ચજે સમયાંતરે વાંચવા મળે છૃ

સમસ્યાઓ હલ કરવા માટે કેટલાક સૂચનો

છૃ પ્રથમ નામ એટલે કે જેનું નામ પહેલું છે તેને કોઈપણ પ્રકારનું ફોર્મ ભર્યા પછી અથવા સાદા કાગળ પર એફિડેવિટ લીધા પછી પણ તેના પોતાના નામે સંયુક્ત નામે રાખેલા ભૌતિક શેરોને ડીમેટ કરવાની મંજૂરી આપવી જોઈએ.

કોર્પોરેટ અફેર્સ મંત્રાલય [MCA] તેમજ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) પાસે તમામ કંપનીઓનું નામ હોવું જોઈએ એટલે કે પ્રથમ લિસ્ટેડ કંપનીનું નામ તે જ સાથે શરૂ થવું જોઈએ. પછી તેમાં દરેક પ્રકારના ફેરફારનો સંપૂર્ણ ઉલ્લેખ હોવો જોઈએ જેથી કરીને રોકાણકાર ગમે તે રીતે શોધ કરે તો તેને ખૂબ જ મુશ્કેલી વિના યોગ્ય માહિતી મળે.

જે શેર ખોવાઈ ગયા છે તેના માટે પ્રક્રિયા હળવી હોવી જોઈએ એટલે કે.

એફિડેવિટ પ્રક્રિયા સાદા કાગળ પર સ્વીકારવી જોઈએ જ્યારે કોઈપણ મૂલ્યના ઉપલબ્ધ સ્ટેમ્પ પેપર પર નુકસાની સ્વીકારવી જોઈએ. દરેક વ્યક્તિ માને છે કે ૧૦/- ના સ્ટેમ્પ પેપર પર વ્યક્તિની ઓળખ/જવાબદારી ૫૦૦/- ના સ્ટેમ્પ પેપર પર કરવામાં આવી હતી તે જ છે.

ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટની જરૂરિયાત દૂર કરવી જોઈએ, એટલે કે, સંબંધિત પોલીસસ્ટેશનમાં, રજિસ્ટ્રીમાંથીમોકલવામાં આવેલીમાહિતીનીસ્વ-હસ્તાક્ષરિતનકલ સાથે રજિસ્ટ્રીની રસીદ લો.

જાહેરાતની જવાબદારી અને ખર્ચ માત્ર કંપનીઓ પર જ હોવો જોઈએ, એટલે કે, જો તેઓ ઈચ્છે તો, કંપનીઓ તેમની અવગણના પણ કરી શકે છે અને આવા શેર ભૌતિક સ્વરૂપમાં જારી કરવા જોઈએ નહીં, પરંતુ મ્યુચ્યુઅલ ફંડની જેમ હોલ્ડિંગ લેટર્સ જારી કરવા જોઈએ. અને હોલ્ડિંગ ડીડના અંતે, તેને ડીમેટમાં જમા કરવા માટે એક કોલમ હોવો જોઈએ, જેના પર સહી કરી શકાય છે ચનિયત સમયૃ અને ડીમેટ કરી શકાય છ વરિષ્ઠોની સહીઓની સમસ્યા અમુક અંશે હલ થઈ ગઈ છે પરંતુ હજુ સ્પષ્ટ માર્ગદર્શિકા જારી કરવાની જરૂર છે કારણ કે લાંબા સમય પછી સહીમાં તફાવત જોવા મળશે પરંતુ કોઈપણ સંજોગોમાં શૈલી, શૈલી, પ્રવાહ અને ભાષામાં ફરક પડશે. ચોક્કસપણે તે મેળવો.

નાના વરિષ્ઠ શેરધારકોએ તેમના સંયુક્ત ધારક પાસેથી એક વખતની સહી લેવી પડે છે એટલે કે પુનરાવર્તિત હસ્તાક્ષરની જરૂર નથી જેથી તે ડીમેટ પ્રક્રિયા સરળતાથી પૂર્ણ કરી શકે. જો જરૂરી હોય તો, આ પ્રક્રિયા માટે યોગ્ય ફોર્મેટ તૈયાર કરો અને દરેકને તેનું પાલન કરવા માટે ફરજિયાત સૂચના જારી કરો.

SEBI એ મૂળભૂત સેવાઓ ડીમેટ એકાઉન્ટ સુવિધા શરૂ કરી છે પરંતુ રોકાણકારો તેનો લાભ લઈ શકતા નથી કારણ કે નિયમ મુજબ NSDL ડીમેટ એકાઉન્ટ ધારક અથવા CDSL ડીમેટ એકાઉન્ટ ધારક અન્ય ડિપોઝિટરીમાં મૂળભૂત સેવાઓ જાળવી શકે છે. સેવાઓ ડીમેટ એકાઉન્ટ કરી શકતા નથી. આ નિયમ નાના નીચા મૂલ્યના શેરના ડીમેટને પણ અવરોધે છે. કારણ કે ઘણા શેર ફક્ત CDSL પર ડીમેટ થઈ શકે છે.તેમજ કેટલાક શેર એવા છે જે ફક્ત NSDL પર ડીમેટ થઈ શકે છે.જરૂરી ડીમેટને કારણે, તમામ શેર રોકાણકારો માટે કોઈપણ એક ડિપોઝિટરીમાં ખાતું હોવું ફરજિયાત છે, જે પણ થાય છે. એટલા માટે નાના નીચા મૂલ્યના શેરને ડીમેટ કરવામાં સામેલ વધારાના વાર્ષિક ખર્ચને કારણે તેને ડીમેટ કરવું યોગ્ય નથી.

આ નિયમમાં પણ સુધારો કરવાની જરૂર છે જેથી એનએસડીએલમાં ડીમેટ ખાતું હોય તો પણ સીડીએસએલમાં મૂળભૂત સેવાઓનું ડીમેટ ખાતું ખોલાવી શકાય અથવા ઉપર જણાવ્યા મુજબ રોકાણકારોને ભૌતિક શેરના બદલે મ્યુચ્યુઅલ ફંડ જેવા હોલ્ડિંગ સર્ટિફિકેટ જારી કરી શકાય. તેનો અર્થ એ છે કે જ્યારે પણ રોકાણકાર તે હોલ્ડિંગ લેટર પર સહી કરવા માંગે છે અને તેને ડીમટીરિયલાઈઝ કરાવે છે. સરનામું સુધારો,જો બેંક ખાતામાં સુધારો અથવા નામાંકન ચનોમિનીૃ બદલવાનું હોય, તો તે હોલ્ડિંગ લેટર પર હસ્તાક્ષર કર્યા પછી નવો સુધારેલ હોલ્ડિંગ લેટર જારી કરવો જોઈએ જેથી કરીને ભૌતિક શેર બજારમાંથી સરળતાથી દૂર થઈ શકે.સરકાર/સેબી/સ્ટૉક એક્સચેન્જ ઉપર જણાવેલ તમામ સમસ્યાઓને દૂર કરી શકે છે, જેમ કે માત્ર બે-ત્રણ વર્ષ પહેલાં, આવકવેરા વિભાગે રિટર્નમાં PAN નંબર સાથે અનલિસ્ટેડ કંપનીઓને સૂચિબદ્ધ કરવાનું ફરજિયાત બનાવ્યું હતું, પરંતુ જ્યારે તેઓએ આ જણાવ્યું/સમજાવી ત્યારે તે ક્યારે હતું. વાણિજ્ય વિભાગની સાઈટ પર પણ તે ઉપલબ્ધ ન હોવાનું જાણવા મળતા તેને મુક્તિ આપવામાં આવી હતી અને રાહત આપવામાં આવી હતી.

મહેરબાની કરીને ધ્યાનમાં રાખો કે નાના વરિષ્ઠ શેરધારકો પાસે તમામ નિયમોનું પાલન કરવા માટે એટલી શક્તિ નથી અને દરેક પગલા પર ખર્ચ સિવાય વારંવાર મુસાફરીની જરૂર પડે છે ચકૃપા કરીને નોંધ કરો કે જેઓ ખાનગી કંપનીઓમાંથી નિવૃત્ત થયા છે તેઓને પેન્શન મળતું નથી તેથી તેમની પાસે ખૂબ ઓછા સ્રોત છે. આવકનીૃ.

તેવી જ રીતે, અન્ય સમસ્યાઓ પણ છે, ઉદાહરણ તરીકે, કોઈ કારણસર, સાત વર્ષ પછી, જો ડિવિડન્ડ ક્યાં તો ખબર ન હોય અથવા

જો ડિવિડન્ડ જમા ન થાય

ડિવિડન્ડની રકમ સાથે ફિઝિકલ શેર્સ પણ SEBI ચઈન્વેસ્ટર પ્રોટેક્શન એન્ડ એજ્યુકેશન ફંડ [IEPFૃ માં સરકારના ખાતામાં જમા થાય છે, પછી ભલે તે તમારા પોતાના નામના શેર ભૌતિક સ્વરૂપમાં તમારી પાસે હોય.

SEBI ઈન્વેસ્ટર પ્રોટેક્શન એન્ડ એજ્યુકેશન ફંડ [IEPF] તરફથી દાવાની પ્રક્રિયાનું સરળીકરણ જરૂરી છે, અન્યથા નાના વરિષ્ઠ રોકાણકારો આજે જટિલ પ્રક્રિયા પૂર્ણ કરી શકતા નથી.

યાદ રાખો, પ્રયત્નો કરવાથી દરેક સમસ્યાનું નિરાકરણ આવે છે અને જ્યારે પણ સમસ્યાનું નિરાકરણ આવે છે, ત્યારે વરિષ્ઠ નાના રોકાણકારો ડીમેટ હેતુ માટે કંપની પાસે આવશે, પછી કંપની યોગ્ય પગલાં લેશે અને તેમના ડીમેટ ખાતામાં સીધી ક્રેડિટ આપશે. પરંતુ આ માટે, જો સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય [MCA] બંને કંપનીઓ પર ડીમેટની જવાબદારી મૂકે

છે, એટલે કે જે પણ શેર ટ્રાન્સફર/ટ્રાન્સમિશન/જો તે ટ્રાન્સપોઝિશન માટે આવે છે, તો તેના પર કાર્યવાહી ક પછી ડીમેટ.


## હવે વધુ વગદા કર મા

સાતેક છોકરાને લવના નામે રમાડ્યા , હવે વધુ વગદા કર મા.
લગ્નમાં ધનવાન બકરાને હલાલ ન કર ,હવે વધુ વગદા કરમાં.
હોમ હવનનું શું થશે એ તો મારો ભગવાન જાણે પણ,
હવનમાં હાડકા નાંખવાનું બંધ કર, હવે વધુ વગદા કર મા.
શબ્દો શહદની જેમ લસરી જાય જબાન પરથી.
કવનના નામે ધતિંગ બંધ કર ,હવે વધુ વગદા કર મા.
તારા ગાવાના પ્રયોગથી શહેર લોહી લુહાણ થઈ કણસે ,
ગવનના નામે ધતિંગ બંધ કર,હવે વધુ વગદા કર મા.
નગરના લોક પરસેવે રેબઝેબ , કોઈએ મુઠ્ઠીમાં ધર્યો પવન,
પવનના નામે ધતિંગ બંધ કર, હવે વધુ વગદા કર મા.
નગર બે વાડે વહેંચાયું ,કોઈએ અદ્રશ્ય લીટી દોરી છે,
યવનના નામે ધતિંગ બંધ કર, હવે વધુ વગદા કર મા.

ભરત વૈષ્ણવ

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ


ર્દ્દૈ જીજી ર્દ્દ : ૦૦૩૭
નામ - હેમલતા દિવેચા " હેમ "
વિષય - હોળીનાં રંગો.
વિભાગ - પદ્ય
શીર્ષક - ફૂલ પલાશનાં.

લીલીછમ વનરાઈ વેરાન થઈ,
વસંતની રાહમાં પાનખર ઉભી,
જુઓ ફૂલ પલાશના ખીલ્યાં મજાનાં...!

ડાળીથી ખરતાં પાન રડ્યાં,
રડતાં રડતાં જમીન દોસ્ત થયાં,
જુઓ ફૂલ પલાશના ખીલ્યાં મજાનાં....!
પાંદડે કરી જગ્યાં, ખીલવા કેસૂડાં કાજ,
કેસૂડો મંદ મુસ્કાયો, જોઈ ખરતાં પાન,
જુઓ ફૂલ પલાશના ખીલ્યાં મજાનાં....!
ખાખરે પહેર્યા કેસરી વાઘા,
જાણે વગડે કેસરિયા ઘોળ્યાં,
જુઓ ફૂલ પલાશના ખીલ્યાં મજાનાં....!
ફાગણનાં સ્વાગતમાં,
મન મુકી મહેક્યો કેસૂડો,
જુઓ ફૂલ પલાશના ખીલ્યયાં મજાનાં...!
જેમ વ્રજમાં રમે રાસ કાન ગોપી,
રંગોત્સવ ઉજવે માનવ મહેરામણ આજ,
જુઓ ફૂલ પલાશના ખીલ્યાં મજાનાં....!
કેસૂડો ખીલતાં ખીલતાં શીખવી જાય,
પતજડમાં અડીખમ હસતાં રહો.
જુઓ ફૂલ પલાશના ખીલ્યાં મજાનાં....!
ખાખરે ફૂલ કેસૂડાંના ખીલ્યાં,
યાદોની મહેફિલ, રંગોના ફુવારા છૂટયાં,
જુઓ ફૂલ પલાશનાં હદયમાં ખીલ્યાં મજાનાં...!
હેમલતા દિવેચા " હેમ " જૂનાગઢ

---

NOG SS NO.0081
પ્રકારઃ ગદ્ય
વિષય : જીવનમાં રંગોનું મહત્વ
શબ્દોઃ૩૧૭
શીર્ષકઃ એ રંગારો..

રંગ..આ શબ્દ સાંભળતાં જ ઉલ્લાસ ,આનંદ અને જલસા સાથે જોડાઈ જવાય.ઈશ્વરની અદ્ભુત રંગલીલામાં મોરપીંછ, રંગબેરંગી ફૂલો, અસંખ્ય પાંદડાં જેમાં લીલાં રંગનો અનન્ય નજારો, જાંબુ,દ્રાક્ષ ,સફરજન, કેરી જેવાં ફળોની ભરમાર.

પર્વતોના રંગમાં તો બરફના દુધિયા રંગથી માંડી માટીના વિવિધ રંગોની રમઝટ જોઈને તો બોલી જ જવાય ," યે કૌન ચિત્રકાર હૈ ? "

મૂડ અને સ્વભાવ પ્રમાણે આપણે રંગોને વિવિધ વસ્તુ કે ભાવના સાથે જોડ્યાં છે .લાલ રંગને પ્રેમનું પ્રતીક તો લીલાને સમૃદ્ધિ સાથે ,આસમાનીને જળ સાથે તો ભગવાને સંન્યાસી કે શૂરાતન સાથે તો સફેદને શાંતિ કે સમાધાન સાથે .હાલની કોરોનાગ્રસ્ત પરિસ્થિતિમાં ખાખી રંગનો દેશની અંદર

કે સરહદે પાડ ભૂલાય એવો નથી. અપશુકનિયાળ ગણાતો કાળો રંગ તો કામણગારો છે .વળી આજનાં જેટયુગમાં પણ પેલી મેશનું ટપકું અસ્તિત્વ ધરાવે જ છે બૂરી નજરથી બચવા.

પાની રે પાની તેરા રંગ કૈસા,
જિસમેં મિલા દો લગે ઉસ જૈસા!

આમ પાણી જેવી અણમોલ ભેટ ઈશ્વરે રંગહીન આપી છે જે સ્વીકાર કરવાનું શીખવે છે,ભળી જવાનું શીખવે છે.

રંગને જ્યારે આપણે ખુશી કે આનંદ સાથે જોડીએ ત્યારે કોઈનાં રંગહીન કે બેરંગી જીવનમાં ખુશીનો છંટકાવ પણ રંગીલો જ કહેવાય. સોશીયલ મીડીયા પર એક વિદેશી ક્લિપમાં એક મિત્ર પોતાનાં નેત્રહીન મિત્રને સ્ટેડિયમમાં એટલાં ઉત્સાહથી એક સ્પર્ધાનું વર્ણન કરતો હોય છે કે વિજયને પેલાં મિત્રે તાદશ્ય નિહાળ્યો હોય એમ ખુશીથી નાચી ઊઠ્યો .આને કહેવાય રંગોની લ્હાણ .એક ખોબો જ પર્યાપ્ત.

" રંગુ ,રંગાવું તો નર્યા પ્રેમ હેતથી
આપવું ત્યાં માપવું મંજૂર નથી.
ભીંજાવું કે? પલળવું,કેમ થાય નક્કી,
રંગ? હોય પાકો, ત્યાં તો નિત ધુળેટી."

આમ રંગ એ કોઈ ઉજવણી કે તહેવાર સાથે ન જોડાય પણ માનવની આનંદ માણવાની થતી રહેતી નિરંતર ઘટના છે. પેટ દુઃખે એટલું હસવું કે હસાવવું , આંગણે ઊગતાં પુષ્પોનો પમરાટ માણવો ,

કોઈ ગમતી ફિલ્મ વારંવાર જોવી એ પણ રંગ માણવાની તાસીર છે. બધું ધાર્યું ન થાય પણ જે માણી શકાય એને

અંતર્ગોળ અરીસામાં ?જોઈ વિશાળતા અનુભવવી એ પણ રંગપંચમી જ છે.

એ રંગારાના રંગે રંગાવાની એક તમન્ના રાખી મુક્તિની એષણા એ તો તૃષાતુર હોળી જ ને!

મોહે રંગ દે તૂ અપને રંગમેં રંગ દે...

માયા દેસાઈ
મુંબઈ ભારત .

# દુનિયામાં એક માત્ર શ્વાનનું સ્મારક બ્રિટનમાં છે.- ઐલેશ શુકલ ના Travelogue પુસ્તક "કેમ છે ગ્રેટ બ્રિટન" માંથી

દુનિયાના કોઈ શહેરમાં જો શ્વાન અર્થાત કુતરાનું સ્મારક જોવું હોય તો ંદ્ધ જવું પડે. બ્રિટનના એડિનબર્ગ શહેરમાં જાવ, તો ત્યાંના ગ્રેફાયર સ્ક્વેરમાં એક વફાદાર શ્વાનની પ્રતિમા જોવા મળશે. એ વફાદાર શ્વાનની કથા જાણવા જેવી છે. તેનું નામ "ગ્રેફ્રીઅર્સ બોબી" હતું. તેનો જન્મ ૪ મે ૧૮૫૫ ના રોજ થયેલો અને ૧૪ જાન્યુઆરી ૧૮૭૨ ના રોજ ૧૭ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યો. તે એક સ્કાય ટેરિયર અથવા ડેન્ડી ડિનમોન્ટ ટેરિયર જાતિનું શ્વાન હતો. ડેન્ડી ડિનમોન્ટ ટેરિયર એ ટેરિયર પરિવારમાં સ્કોટિશ કૂતરાની નાની જાતિ છે. આ જાતિનું શરીર ખૂબ લાંબુ, ટૂંકા પગ અને માથાના ટોચ પર વાળની વિશિષ્ટ ગાંઠ હોય છે. તેઓ મૈત્રીપૂર્ણ રીતે વર્તે છે; કે બહુ વફાદાર હોય છે. મોટા બાળકો કે ઉમરલાયક વ્યક્તિઓ સાથે તેનો વ્યવહાર અને ક્રિયાપ્રતિક્રિયા બહુ મિલનસાર હોય છે.

તે એડિનબર્ગમાં ૧૪ જાન્યુઆરી ૧૮૭૨ના રોજ મૃત્યુ પામ્યો ત્યાં સુધી તેના માલિકની કબરની રક્ષા કરવામાં ૧૪ વર્ષ ગાળવા માટે બહુ જાણીતો બન્યો હતો. તેની વાર્તા સ્કોટલેન્ડમાં ઘણા પુસ્તકો અને ફિલ્મો દ્વારા જાણીતી બની છે. તેનું પ્રખ્યાત સ્મારક; પ્રતિમા અને તે જ્યાં આવેલું છે તેની નજીકની કબરો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. શ્વાન બોબી એક જહોન ગ્રે નામના વ્યક્તિનો હતો. જહોન ગ્રે નાઈટ વોચમેન તરીકે એડિનબર્ગ સિટી પોલીસ માટે કામ કરતો હતો. જ્યારે જહોન ગ્રેનું અવસાન થયું ત્યારે તેને ગ્રેફ્રીઅર્સ કિર્કયાર્ડમાં દફનાવવામાં આવ્યો હતો. જે કબ્રસ્તાન એડિનબર્ગના ઓલ્ડ ટાઉનમાં આવેલું છે. ગ્રે ના મૃત્યુ બાદ બોબી વધારે સ્થાનિક રીતે જાણીતો બન્યો, કારણ; તેણે બાકીનું જીવન તેના માલિકની કબર પર બેસીને વિતાવ્યું. તે પણ એક-બે નહીં; ૧૪ વર્ષ !

જહોન ગ્રે (મૃત્યુ : ૧૫ ફેબ્રુઆરી ૧૮૫૮) સામાન્ય રીતે લોકપ્રિય સંસ્કૃતિમાં ઓલ્ડ જહોન તરીકે ઓળખાય છે. તે એક માળી હતો જે ૧૮૫૦માં તેની પત્ની જેસ અને પુત્ર જહોન સાથે એડિનબર્ગ આવ્યો હતો. તેણે નાઈટ વોચમેન તરીકે એડિનબર્ગ સિટી પોલીસમાં જોડાઈને વર્કહાઉસમાં કામ કરવાનું નક્કિ કર્યું. આ સમયની આસપાસ તે ગ્રેફ્રાયર્સ બોબીની સંભાળ રાખતો હતો. જ્યારે બોબી પણ જહોન ગ્રેની સાથે ચોવીસ કલાક પડછાયાની જેમ રહેતો. જ્યારે ગ્રે તે કામ પર જતો ત્યારે પણ તેની સાથે જ રહેતો.

જહોન ગ્રે ને બૉબી એક રખડતાં કુતરા તરીકે મળ્યો હતો. બોબી કચરાપેટી ફંફોળીને જે કંઈ ખાવાનું મળે તે ખાઈને માંડ જીવી રહ્યો હતો. એ લત્તામાં જહોન એક સજ્જન તરીકે રહેતો હતો. બૉબીની હાલત જોઈને જહોનને દયા આવી. એણે નજીકની હોટેલમાંથી થોડોક ખોરાક ખરીદીને બૉબીને ખવડાવ્યો. આ ઉપકાર પેલો શ્વાન કદી પણ ન ભૂલ્યો. પછી તો બન્ને ખાસ મિત્ર બની ગયાં. શિયાળાની લાંબી રાતો હોય કે બરફ-વરસાદ હોય કે ગરમી હોય, જહોન અને બોબી સાથે મળીને એડિનબર્ગની જૂની કોબલ્ડ શેરીઓમાંથી પસાર થતા એક પરિચિત દ્રશ્ય બની ગયા. તેઓ વિશ્વાસુ મિત્રો બની ગયા હતા. જાણે બંને એકબીજા સાથે રહેવા માટે જન્માંતર ના સાથી હતાં.


આખરે જહોન ગ્રે ૧૫મી ફેબ્રુઆરી ૧૮૫૮ના રોજ ક્ષયરોગને કારણે મૃત્યુ પામ્યો અને તેને ગ્રેફ્રીઅર્સ કિર્કયાર્ડમાં દફનાવવામાં આવ્યો. એની સ્મશાનયાત્રા કબ્રસ્તાનમાં પહોંચી ત્યારે બૉબી સૌની પાછળ પાછળ ગયો. શ્વાન બોબી ટૂંક સમયમાં સ્થાનિક રહેવાસીઓના હ્રદયને પણ સ્પર્શી ગયો હતો. છતાં ગ્રે ને જ્યારે દફનાવવામાં આવ્યો ત્યારે એક શબની સાચવણી ના ભાગરૂપે ગ્રેફ્રિયર્સના માળી અને રખેવાળે બોબીને કિર્કયાર્ડમાંથી બહાર કાઢવા માટે ઘણા પ્રયાસ કર્યો. પણ તે ત્યાંથી હટ્યો નહી. અંતે બધાએ હાર માની લીધી અને જહોન ગ્રેની કબરની બાજુમાં બે ટેબલસ્ટોન નીચે તોડફોડ કરીને બોબી માટે આશ્રયસ્થાન બનાવી આપ્યું.

બોબી ૧૪ વર્ષ સુધી તેના દોસ્ત જહોન ગ્રેની કબર પાસે બેઠો હોવાનું નોધાયું છે. ૧૮૭૨માં તેનું અવસાન થયું અને એડિનબર્ગ વેટરનરી કૉલેજના પ્રોફેસર થોમસ વૉલી દ્વારા કરવામાં આવેલી નેક્રોપ્સીથી તારણ મળ્યું કે તે જડબાના કેન્સરથી મૃત્યુ પામ્યો હતો. તેને ગ્રેફ્રાયર્સ કિર્કયાર્ડના ગેટની અંદર જ દફનાવવામાં આવ્યો હતો, જે જોન ગ્રેની કબરથી દૂર નથી.

બોબીની ખ્યાતિ સમગ્ર એડિનબર્ગમાં ફેલાઈ ગઈ. એવું પણ નોંધવામાં આવ્યું છે કે દરરોજ કિર્કયાર્ડમાં આવેલી માલિકની કબર પાસે બેસી રહેતો. લગભગ બપોરે એક વાગ્યાના ટકોરે અને રાત્રે શ્વાન બોબી તેના ભોજન માટે કબરમાંથી બહાર નીકળતો. પછી બોબી એ જ સ્થાનિક કોફી હાઉસમાં જતો. જ્યાં તે તેના હાલના મૃત માસ્ટર કે મિત્ર જહોન ગ્રે સાથે વારંવાર આવતો હતો. કેબિન માલિક વિલિયમ ડાઉને દ્વારા ભોજન આપવામાં આવતું હતું. ત્યાંથી તે પળનો પણ વિલંબ કર્યા વગર કબ્રસ્તાન પરત ફરતો; તેના દોસ્ત જહોન ગ્રેની કબર પાસે ... આ સિલસિલો લગાતાર ૧૪ વર્ષ ચાલ્યો.

આ ૧૪ વર્ષ દરમ્યાન ૧૮૬૭ માં એક નવો પેટા-લો પસાર કરવામાં આવ્યો હતો. જેમાં શહેરમાં તમામ કૂતરાઓનું લાઈસન્સ હોવું જરૂરી હતું. નહિતર તેમનો નાશ કરવામાં આવશે. સર વિલિયમ ચેમ્બર્સ (એડિનબર્ગના લોર્ડપ્રોવોસ્ટ) એ બોબીનું લાયસન્સ ચૂકવવાનું નક્કી કર્યું અને તેને પિત્તળના શિલાલેખ સાથેનો કોલર રજૂ કર્યો "લોર્ડ પ્રોવોસ્ટ ૧૮૬૭ લાયસન્સથી - ગ્રેફ્રીઅર્સ બોબી". જે બોબીને બાંધવામાં આવ્યો હતો. સર વિલિયમ ચેમ્બર્સ, જેઓ સ્કોટિશ સોસાયટી ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સના ડિરેક્ટર પણ હતા, તેમણે બોબીના લાયસન્સ માટે ચૂકવણી કરી અને કૂતરાને કોલર આપ્યો. આ કોલર આજે પણ એડિનબર્ગના મ્યુઝિયમમાં જોઈ શકાય છે.બાકીના વર્ષો એડિનબર્ગના દયાળુ લોકોએ બોબીની સારી સંભાળ લીધી, પરંતુ તેમ છતાં તે તેના માસ્ટરને વફાદાર રહ્યો. ચૌદ વર્ષ સુધી મૃત માણસનો વિશ્વાસુ કૂતરો ૧૮૭૨ માં તેના પોતાના મૃત્યુ સુધી કબરની સતત દેખરેખ રાખતો હતો. RSPCA ની લેડીઝ કમિટીના પ્રમુખ બેરોનેસ એન્જેલીયા જ્યોર્જિના બર્ડેટ-કાઉટ્સ તેની વાર્તાથી એટલા ઊંડે પ્રભાવિત થયા કે તેમણે સિટી કાઉન્સિલ પાસે બોબીની પ્રતિમા સાથે ગ્રેનાઈટ ફુવારો ઊભો કરવાની પરવાનગી માંગી. જે મળી ગઈ.

વિલિયમ બ્રોડી નામના શિલ્પકારે તેની પ્રતિમાનું જીવંત શિલ્પ બનાવ્યું હતું. તેનું અનાવરણ નવેમ્બર ૧૮૭૩માં ગ્રેફ્રીઅર્સ કિર્કયાર્ડની સામે વિધિ વિના



કરવામાં આવ્યું હતું. તે સાથે જ સ્કોટલેન્ડની રાજધાની શહેરમાં સૌથી પ્રખ્યાત અને વિશ્વાસુ કૂતરાની હંમેશ માટે એક યાદગીરી બની ગઈ.

બોબીની કબર પર લખ્યું છે કે "ગ્રેફ્રીઅર્સ બોબી – ૧૪મી જાન્યુઆરી ૧૮૭૨ના રોજ મૃત્યુ પામ્યો – ૧૬ વર્ષની ઉંમરે – તેની વફાદારી અને નિષ્ઠા આપણા બધા માટે એક બોધપાઠ બની રહે".

પછી તો દુનિયાભરના અખબારો અને મેગેઝીને આ શ્વાનની બહુ જ ઉમદા નોંધો પ્રસિદ્ધ કરી. ૧૧ ઓગસ્ટ ૧૯૩૪, 'ધ સ્કોટ્સમેન' નામના અખબારમાં, "ગ્રેફ્રીઅર્સ બોબી એ ડોગ્સ ડિવોશન" હેડીંગ આપી લેખ છપાયો. કાઉન્સિલર વિલ્સન મેકલારેન વાર્તાઓની સચોટતા વિશેના સમકાલીન પ્રશ્નોના જવાબો પોતાની વાતચીતનું વર્ણન કરીને ૧૮૭૧માં "મિસ્ટર ટ્રેઈલ" માં આપે છે. "ટ્રેલ્સ કોફી હાઉસ" નો માલિક કૂતરાના સંબંધમાં તે પોતે જે તે સમયે ખવડાવતો હતો, વગેરે વાતો અંગેના પ્રશ્નોના ૧૮૮૯માં પોતાના પ્રતિભાવોનું વર્ણન કર્યું છે. આમ એક વફાદાર શ્વાન અમર બની ગયો

# સપ્તાહ દરમિયાન સોનાનો વાયદો રૂ.૧૫૨ વધ્યોઃ ચાંદીનો વાયદો રૂ.૧,૦૯૫ ડાઊન

કોટન-ખાંડીમાં રૂ.૧૮૦ની નરમાઈઃ ક્રૂડ તેલ, નેચરલ ગેસમાં વૃદ્ધિઃ મેન્થા તેલ ઢીલુઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૨,૨૨૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧,૮૪,૯૦૧ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૧૭૨ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૪ ફેબ્રુઆરીથી ૨ માર્ચના સપ્તાહ દરમિયાન ૩૭,૧૧,૮૬૯ સોદાઓમાં કુલ રૂ.૨,૭૭,૩૦૦.૦૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૨,૨૨૭.૨૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧,૮૪,૯૦૦.૭૧ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭,૬૧,૫૬૪ સોદાઓમાં કુલ રૂ.૪૬,૦૭૬.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૫,૭૦૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૬,૦૨૦ અને નીચામાં રૂ.૫૫,૧૩૨ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૫૨ વધી રૂ.૫૫,૭૩૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૩ વધી રૂ.૪૪,૪૮૧ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ ઘટી રૂ.૫,૪૯૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫,૭૯૪ના ભાવે ખૂલી, રૂ.૨૮૫ વધી રૂ.૫૫,૯૧૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૪,૩૮૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૪,૪૫૦ અને નીચામાં રૂ.૬૨,૪૬૨ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૦૯૫ ઘટી રૂ.૬૩,૨૫૬ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૬૮૩ ઘટી રૂ.૬૪,૩૦૪ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૮૯ ઘટી રૂ.૬૪,૩૨૪ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન, એમસીએક્સ ખાતે ૧,૨૫,૧૩૭ સોદાઓમાં રૂ.૧૭,૦૨૫.૪૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૭૫ ઘટી રૂ.૨૦૯.૭૦ અને જસત માર્ચ વાયદો રૂ.૦.૯૦ ઘટી રૂ.૨૬૯ના ભાવ થયા હતા. આ સામે તાંબુ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ ઘટી રૂ.૭૬૩.૧૦ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૦ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન, ૫,૭૮,૭૧૮ સોદાઓમાં કુલ રૂ.૨૯,૦૨૫.૬૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૨૮૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૪૮૪ અને નીચામાં રૂ.૬,૧૬૮ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૧૮૦ વધી રૂ.૬,૪૩૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૭.૭૦ વધી રૂ.૨૨૭.૪૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન, એમસીએક્સ ખાતે ૯૪૫ સોદાઓમાં રૂ.૧૦૦.૧૬ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી માર્ચ વાયદો ૧ ખાંડીદીઠ રૂ.૬૩,૪૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૩,૯૦૦ અને નીચામાં રૂ.૬૩,૦૮૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૮૦ ઘટી રૂ.૬૩,૪૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૬૦ ઘટી રૂ.૧૦૩૯ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ સપ્તાહ દરમિયાન, એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૭,૮૭૬.૮૩ કરોડનાં ૩૨,૧૩૪.૪૨૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨૮,૧૯૯.૨૧ કરોડનાં ૪,૩૭૭.૬૧૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૩,૦૮૬.૦૫ કરોડનાં ૨,૦૬,૦૨,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧૫,૯૪૦ કરોડનાં ૭૧,૮૩,૬૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડીના વાયદાઓમાં રૂ.૬૫.૮૭ કરોડનાં ૧૦,૩૬૮ ખાંડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૩૪.૨૯ કરોડનાં ૩૨૬.૧૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૨૯૬.૪૮૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૪૬.૮૧૮ ટન, ક્રૂડ તેલમાં ૫,૯૯,૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૩,૮૨,૩૬,૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટન ખાંડીમાં ૯૭૪૪ ખાંડી, મેન્થા તેલમાં ૩૮૯.૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૧૭૨.૦૮ કરોડનાં ૨,૨૮૫ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૧૭૪ના સ્તરે ખૂલી, ૭૬ પોઈન્ટ ઘટી ૧૫,૦૭૫ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧,૮૪,૯૦૦.૭૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૦૫૭.૪૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૬૬૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૫૫,૮૧૧.૩૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૦,૩૫૩.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

# સરપંચનું દરરોજ સાંજે ૭થી ૮.૩૦ વચ્ચે સેલફોન અને ટેલીવિઝન સેટ બંધ રાખવા ફરમાન

મુંબઈ,તા.૪


કોલ્હાપુર જીલ્લાના એક ગામે પોતાના નિવાસીઓને અનોખી અપીલ કરી છે.માનગાંવના તમામ ૧૫,૦૦૦ નિવાસીઓને અપીલ કરી છે કે તે ભણવાની આદતને પ્રોત્સાહન આપે,પરિવારના સભ્યોની સાથે વાતચીત કરવા અને બાળકોમાં કાઉટર ગેજેટ જોડવા માટે રોજ સાંજે સાત વાગ્યાથી ૮.૩૦ વવાગ્યાની વચ્ચે પોતાના સેલફોન અને ટેલીવીઝન સેટ બંધ કરી દો માનગાંવના સરપંચ રાજુ મગદુમે કહ્યું કે આપણે તમામ સેલફોન અને ટીવીથી ટેવાઈ ગયા છીએ જેના કારણે એકાગ્રતાની કમી અને પરિવારના સભ્યોની વચ્ચે વાતચીતનું નુકસાન જેવી સમસ્યાઓ થાય છે.આ આગળ જઈ પારિવારિક સમસ્યાઓમાં બદલાઈ જાય છે.

પશ્ચિમી મહારાષ્ટ્રમાં માનગાંવ દેશના સામાજિક સુધાર આંદોલનના ઈતિહાસમાં એક વિશેષ સ્થાન રાખે છે.ડો.બાબા સાહેબ આંબેડકર અને છત્રપતિ શાહૂ મહારાજે ૨૧ માર્ચ ૧૯૨૦ના રોજ અસ્પૃશ્યતાની વિરૂધ્ધ પહેલુ સંયુક્ત સેમેલન આ ગામમાં આયોજીત કર્યું હતું.માનગાંવ વિધવાઓના દમન કરનારી સદીઓ જુની પ્રથાઓની વિરૂધ્ધ પ્રસ્તાવ પસાર કરનાર પહેલું ગામ હતું.માનગાંવે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગ પર આઠ માર્ચે આ અભિયાનને શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. શરૂઆતમાં ટેલીવીઝન સેટ અને સેલફોન બંધ કરવાનું સ્વૈચ્છિક હશે પરંતુ ગ્રામ પંચાયત ભવિષ્યમાં તેને ફરજિયાત કરવાની યોજના બનાવવામાં આવશે જો આ પહેલા દરેક ઘરને પાંચ તક આપવામાં આવશે જો કોઈ ઘર છઠ્ઠી વાર નિયમોનું ભગ કરશે તો સંપત્તિ કરમાં વૃધ્ધિના રૂપમાં દંડ લગાવવામાં આવશે જયારે ગ્રામ પંચાયતે ક્ષેત્રમાં ફકત ઓપરેટરોને દરેક દિવસે સાંજે ૭ વાગ્યાથી ૮.૩૦ વાગ્યાની વચ્ચે પોતાની સેવાઓને ડિસ્કનેકટ કરવા માટે પત્ર લખવામાં આવ્યો છે.ડીટીએચ કનેકશન વાળા લોકોને પોતાની ટીવી સેટ બંધ કરવાની વિનંતી કરવામાં આવશેમાનગાંવના સરપંચે રાજુ મગદુમે કહ્યું કે ત્રણ કિમીની સીમાની સાથે ગ્રામ પંચાયત ભવનમાંથી એક સાયરન લગાવવામાં આવશે આ દરરોજ સાંજે ૭ વાગે ત્રણ મિનિટ માટે વગાડવામાં આવશે જેથી ગ્રામીણોને ઈલેકટ્રોનિક ગેજેટ બંધ કરવા માટે કહેવામાં આવશે.અમારા કર્મચારીઓની સાથે સાથે ગ્રામ પંચાયતના સભ્ય શરૂમાં જાગૃતિ પેદા કરવા માટે ઘરોનો પ્રવાસ કરશે લોકોથી ગેજેટનો ઉપયોગ નહીં કરવા અને તેની જગ્યાએ પરિવારના સભ્યોની સાથે ચેટ કરવા કે એક પુસ્તક વાંચવવા માટે કહેશે

તેમણે કહ્યું કે અનેક અન્ય ગ્રામ પંચાયતો પણ અભિયાન પર ચર્ચા કરી રહી છે અને આવનારા દિવસોમાં આ લાગુ કરવા પર વિચાર કરી શકે છે ગત વર્ષ આ રીતની કવાયત પડોસી સાંગલી જીલ્લામાં કરવામાં આવી હતી જયાં પાંચ ગામોએ સાંજના સમયે એક કલાક માટે ઈલેકટ્રોનિક ગેજેટ નહીં ઓન કરવાનો નિર્ણય કર્યો હતો.

NEWS OF GANDHINAGAR_P-3

# ભારત તિબેટ સહયોગ મંચ (BTSM) માં પશ્ચિમ ભારતના સહ ક્ષેત્ર સંયોજક તરીકે શ્રી ગજેન્દ્રકુમાર જોશીજીની નિયુક્તિ



ભારત તિબેટ સહયોગ મંચ એ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સંલગ્ન આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતું રાષ્ટ્રીય સંગઠન છે.

આ સંગઠન તિબેટની આઝાદી માટે સક્રિય સહયોગ આપે છે. તિબેટ સ્વતંત્ર રાષ્ટ્ર બને તો ભારતની ઉત્તર-પૂર્વ સરહદ સુરક્ષિત બને તથા કૈલાશ માનસરોવરની યાત્રા સરળ અને સુખદ રીતે થઈ શકે. ધૂર્ત, દગાબાજ ચીનના ઉત્પાતને ડામવા મંચના કાર્યકરો ચીની ઉત્પાદનોના બહિષ્કારના જનજાગરણ સાથે રાષ્ટ્ર હિતની અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે.

આ મંચના ગુજરાત પ્રદેશના મહામંત્રી તરીકે છેલ્લા ઘણા સમયથી ઉત્તમ સેવાઓ આપી રહેલા જાણીતા શિક્ષણવિદ શ્રી ગજેન્દ્રકુમાર જોશીને હવે રાષ્ટ્રીય કક્ષાએ પૂરા પશ્ચિમ ક્ષેત્રના સહક્ષેત્ર સંયોજક તરીકેની જવાબદારી સોંપાઈ છે.

આ ક્ષેત્રમાં ભારતના પશ્ચિમ તરફના કુલ છ પ્રાંતોના ૭૨ જિલ્લાઓનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય વિચારધારા ધરાવતા સૌએ આનંદની લાગણી સાથે સંનિષ્ઠ કાર્યકર શ્રી જોશીજી ઉપર અભિનંદનની વર્ષા કરી છે.

# ભાજપ સરકારના હસ્તકના મંદિરોમાં ભક્તોના દાનના નાણાંનો બેરોકટોક વ્યય અને અધિકારીઓની ધાર્મિક પરંપરા તોડતી મનમાનીઃ હેમાંગ રાવલ

- અંબાજી મંદિરમાં છ દાયકાથી આસ્થા સ્વરૂપે અપાતો મોહનથાળ પ્રસાદ અવિચારી નોટબંધીની જેમ અચાનક બંધ તે શ્રધ્ધાંળુઓ માટે વજ્રઘાત સમાનઃ હેમાંગ રાવલ
- અંબાજી દેવસ્થાન ટ્રસ્ટમાં ૧૧ વર્ષમાં મંત્રી - અધિકારી અને તેમના સંબંધિઓની સરભરા માટે ૨૧ લાખ રૂપિયા વાપરવામાં આવ્યાઃ હેમાંગ રાવલ
- બહુચરાજી મંદિરમાં ૫૬ ફુટ ઉંચા મંદિર બનાવવાના ૧૫ કરોડ ખર્ચયા પછી ખબર પડી કે મંદિર ૪૯ ફુટ ઉંચુ જ બન્યુઃ હેમાંગ રાવલ
- સોમનાથ ટ્રસ્ટમાં લાઈટ એન્ડ સાઉન્ડ શોની ખરીદીના સાધનોમાં કૌભાંડઃ હેમાંગ રાવલ



રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલે પત્રકાર વાર્તાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં અંબાજી મંદિર એ લાખો - કરોડો ભક્તોની આસ્થાનું એક અવિત્ર સ્થાન છે. આ મંદિરનો વહિવટ ગુજરાત સરકાર હસ્તક કલેક્ટર બનાસકાંઠા કરી રહ્યાં છે. એજ પ્રમાણે ગુજરાતના પ્રતિષ્ઠિત જુદા જુદા મંદિરોનો વહિવટ પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. ઉપરોક્ત દેવસ્થાન ટ્રસ્ટોમાં વારંવાર ગેરરીતિ, અણવહિવટ અને ધાર્મિક પરંપરા તોડતા અધિકારીઓ પોતાની રીતે મનસ્વિ નિર્ણયો લઈ રહ્યાં છે.

અંબાજી મંદિરમાં દોઢ વર્ષ પહેલાં જે મોહનથાળ પ્રસાદનું પેકેટ ૧૦ રૂપિયામાં મળતું હતું તેના પર ક્રમશઃ ભાવવધારો કરી અત્યારે ૧૮ રૂપિયા અને ૨૫ રૂપિયા સુધી કરી નાંખવામાં આવ્યો. એટલે કે ૧૫૦% નો તોતીંગ ભાવ વધારો મોંઘવારીનું બહાનું કરીને વસૂલવામાં આવી રહ્યો હતો. આ સાથે છ-આઠ મહિના પહેલા ચીકીનો પ્રસાદ પણ વેચવાનું ચાલુ કરવામાં આવ્યું. એકતરફ વીસ કરોડનો મોહનથાળ પ્રસાદ વેચાય અને બીજી તરફ એક-દોઢ કરોડનો ચીકી પ્રસાદ વેચાતો હતો. ભારતમાં જેમ અવિચારી નોટબંધી અચાનક લાગુ કરવામાં આવી તેમ અવિચારી રીતે છેલ્લા છ દાયકાથી પરંપરાગત અને કરોડો ભક્તોની આસ્થા સમાન મોહનથાળનો પ્રસાદ વેચવાનો બંધ કરી દેવામાં આવ્યો. સ્વાભાવિક છે કે, ચીકી પ્રસાદમાં કમાણી ખુબ જ હોવાથી આ પ્રકારનો અવિચારી નિર્ણય લેવામાં આવ્યો છે. મંદિરમાં ૨૫ રૂપિયામાં વેચાતો ચીકી પ્રસાદ એક બોક્ષમાં આપવામાં આવે છે કે જેમાં ચાર નંગ ચીકી હોય છે. આવા જ પ્રકારની એક નંગ ચીકી બજારમાં બે રૂપિયામાં અનબ્રાન્ડેડ અને પાંચ રૂપિયામાં બ્રાન્ડેડ કંપનીની વેચવામાં આવે છે કે જેમાં સમગ્ર ભારતમાં ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને જી.એસ.ટી. પણ સામેલ હોય છે આનાથી એ સમજી શકાય છે કે, મોહનથાળ પ્રસાદ કરતા ચીકી પ્રસાદમાં વધારે કમાણી હોય છે. ચીકી પ્રસાદના ચસકા એ ધન કમાવવાના નુસખા સાબિત થઈ રહ્યાં હોય તેમ લાગી રહ્યું છે.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ભક્તોએ આપેલા દાનના નાણાં છેલ્લા ૧૧ વર્ષમાં ૨૧ લાખ થી વધુ રૂપિયા વી.આઈ.પી. મહેમાનો, મંત્રીઓ, અધિકારીઓ, મંત્રીઓના સગાઓ, અધિકારીઓના સગાઓ, સંબંધિઓની ખાવા-પીવાની સરભરા માટે વાપરી નાખવામાં આવ્યાં. જેની માહિતી આર.ટી.આઈ. દ્વારા મેળવવામાં આવેલી છે.

અંબાજી ખાતે મુખ્યમંદિર સિવાય બીજા ૬૧ મંદિરો દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવે છે. જેની મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા પણ કરવામાં આવી છે. ૫૧ શક્તિપીઠ મંદિરનું ઉદઘાટન ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ કરેલ હતું. આ એકપણ મંદિરોમાં માતાજીને થાળ કે ભોગ ધરાવવામાં આવતો નથી. શાસ્ત્રોક્ત વિધીવિધાન મુજબ પ્રાણપ્રતિષ્ઠા કરેલી મુર્તિઓને જીવંત ગણી તેમને થાળ ધરાવવો ફરજીયાત હોય છે. થાળ તો ઠીક પરંતુ માતાજીની સાડીઓ પણ રોજ શણગારીને બદલવામાં નથી આવતી. ઉપરોક્ત ૬૧ મંદિરોમાં માત્ર ૩૫ પુજારી સેવા આપી રહ્યાં છે. મુખ્યમંદિરમાં રોજ સરેરાશ ૧૦૦ થી વધારે સાડીઓ ભેટમાં શ્રધ્ધાંળુઓ આપી રહ્યાં છે. માત્ર વહિવટી કુશળતા હોય તો આજ સાડીઓ એ બાકીના મંદિરમાં માતાજીને ચઢાવી શકાય. એજ પ્રમાણે ગબ્બરમાં લાઈટ અને સાઉન્ડ શો દરમ્યાન માતાજીની દિપ આરતી માટે ૧૦ રૂપિયા કોઈપણ જાતના ઠરાવ કે આદેશ વિના 'શક્તિ સેવા કેન્દ્ર ટ્રસ્ટ' દ્વારા વસુલવામાં આવી રહ્યાં છે. આ ટ્રસ્ટને અંબાજીની ઘણીખરી મોકાની જમીનો પણ આપી ફાળવી દેવામાં આવ્યાં છે અને તેમાં પણ એક મોટુ કૌભાંડ હોય તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. થોડા સમય પહેલા અંબાજી મંદિરના પટાંગણમાં આવેલી યજ્ઞશાળામાં માઈક પર બોલાતા શ્લોક ધ્વનિ પ્રદુષણ ફેલાવી રહ્યાં છે એમ કહીને માઈક અને સ્પીકર ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો તેનો પણ ઉગ્ર વિરોધ થયો હતો અને અધિકારીઓએ પાછીપાની કરવી પડી હતી.

ભૂતકાળમાં સોમનાથ ટ્રસ્ટની અંદર પણ લાઈટ એન્ડ સાઉન્ડ શો ની ખરીદીનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. જેની તપાસના આદેશ શ્રી પી.કે. લહેરીએ આપ્યા હતા. સોમનાથ જીલ્લા મેજીસ્ટ્રેટે જાહેરનામુ પાડીને પવિત્ર ત્રિવેણી સંગમ પર પીંડદાન અને અસ્થીવિસર્જન પર પ્રતિબંધ મુકી દીધો હતો. જેનો સ્થાનિકો અને શ્રધ્ધાંળુઓ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો અને અધિકારીઓની મનમાની બરઆવી ન હતી.

બહુચરાજી મંદિર ટ્રસ્ટમાં બહુચરાજી મંદિરમાં ૫૬ ફુટ ઉંચા મંદિર બનાવવાના ૧૫ કરોડ ખર્ચયા પછી ખબર પડી કે મંદિર ૪૯ ફુટ ઉંચુ જ બન્યુ અને અધિકારીઓની તથા સત્તાધિશોની અણઆવડત અને અણસમજ છતી થઈ જેના કારણે મંદિર ઉપર વધુ ત્રણ કરોડનું બોજો આવ્યો. ઉપરોક્ત દેવસ્થાન ટ્રસ્ટોમાં અધિકારીઓ સિવાય સામાન્ય જનતાના પ્રતિનિધિઓને ટ્રસ્ટી તરીકે મુકવાની જોગવાઈ છે. ભૂતકાળમાં કોંગ્રેસ શાસનમાં તાલુકા પ્રમુખ અને જે તે વિસ્તારના ધારાસભ્યને પણ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે મુકવામાં આવતા હતા જેથી સ્થાનિક પ્રશ્નોનું શાંતિથી નિવારણ થાય. પરંતુ અત્યારે ટ્રસ્ટોમાં આ પ્રમાણેના નિયમોની અનદેખી કરવામાં કરવામાં આવે છે. બહુચરાજી ટ્રસ્ટમાં છ મહિના પહેલા નવા ટ્રસ્ટીઓની સરકાર દ્વારા નિમણુંક કરવામાં આવી અને ચાર જ મહિનામાં તેઓના રાજીનામાં લઈ લેવામાં આવ્યાં.

લાખો - કરોડો ભક્તોની આસ્થા સમાન અંબાજી મંદિરમાં મોહનથાળ પ્રસાદ બંધ કરવાનો અવિચારી નિર્ણય જો પાછો ખેંચવામાં નહીં આવે તો સ્થાનિકો, વિવિધ પગપાળા મંડળો અને શ્રધ્ધાંળુઓને સાથે રાખીને ઉગ્ર આંદોલન - ધરણાં - પ્રદર્શન અને આશ્ચર્યજનક દેખાવો કરવામાં આવશે.

હેમાંગ રાવલ

બિડાણઃ અંબાજી ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૧ વર્ષમાં કરવામાં આવેલ વી.આઈ.પી. સરભરા ખર્ચની સંકલિત માહિતી.

# અમદાવાદ ખાતે Zee 24 કલાક દ્વારા આયોજિત મહાસન્માન ૨૦૨૩ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિ




ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, કોઈપણ કાર્ય કરવું તો પ્રેમથી અને નૈતિકતાથી કરવું કારણકે પ્રેમ અને નૈતિકતાથી કરેલ કાર્ય લાંબા સમય સુધી ટકી રહે છે, જેથી પોતાને અને અન્ય લોકોને પણ પ્રોત્સાહન પૂરું પાડી શકાય છે. ગુજરાતના અહીં ઉપસ્થિત તમામ ઉદ્યોગ સાહસિકોએ પોત-પોતાના ઔદ્યોગિક ક્ષેત્રમાં જે ઉમદા કામગીરી કરી છે તેની અસર ગુજરાતમાં જ નહીં પરંતુ વિદેશોમાં પણ જોવા મળી રહી છે. તે ખૂબ ગર્વની બાબત છે તેમ તેઓએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના છેવાડાના ગુજરાતના છેવાડાના માનવીને વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે અથાક પ્રયત્નો કર્યા છે જેના ફળસ્વરૂપ દેશ આજે વિશ્વની પાંચમી ઈકોનોમી બન્યો છે. આ સાથેજ તેમણે વધુમાં ઉમેર્યું હતું કે વિકસિત ભારતના નિર્માણ માટે વર્ષ ૨૦૨૭ સુધીમાં ૫ બિલિયન યુએસ ડોલર પ્રાપ્ત કરવાનો લક્ષ્યાંક નરેન્દ્ર મોદી સરકાર દ્વારા રાખવામાં આવ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાત સરકાર આજે નરેન્દ્રભાઈ મોદીના પદચિન્હો પર ચાલી નાના અને મોટા ઉદ્યોગોને આગળ વધારવા કટિબદ્ધ છે.

આ સાથે જ દેશમાં MSMEનો સૌથી મોટો ફાળો ગુજરાત માંથી જ છે જે આપણે સૌને જોવા મળી રહ્યું છે જેના થકી આજે રાજ્યમાં સૌથી વધુ બેરોજગાર યુવાનોને રોજગારી આપવામાં પણ સફળતા પ્રાપ્ત થઈ છે. તેમ તેઓએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતના MSME અને મોટા ઉદ્યોગોને વધુ મજબૂત બનાવવાની દિશામાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આ વર્ષે ૧૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ માત્ર ઉદ્યોગ ક્ષેત્રે ફાળવવામાં આવ્યું છે. જેથી રાજ્યના તમામ તાલુકાઓમાં ઉદ્યોગો સ્થપાય અને MSME ને નવું બળ આપી વિકસિત કરી શકાય તેમ તેઓએ ઉમેર્યું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર દ્વારા સ્ટાર્ટઅપ પોલિસી, ઈન્ડસ્ટ્રીયલ પોલિસી, ઈલેક્ટ્રોનિક પોલીસી અને આઈટી પોલીસી બહાર પાડીને રાજ્યના અલગ અલગ ક્ષેત્રે વિકાસની ગતિને વેગ આપ્યો છે.

તેઓ વધુમાં જણાવ્યું હતું કે, Zee 24 કલાકે જે સામાજિક સ્તરે ઉદ્યોગ સાહસિકોને સન્માન આપવાની કામગીરી કરી છે તે સરાહનીય છે આ ઉમદા કાર્ય બદલ તેમને અને તેમની ટીમને શુભેચ્છા પાઠવું છું તેમ જણાવ્યું હતું.

અંતે તેઓએ ઉદ્યોગ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર વિજેતાઓને એવોર્ડથી સન્માનિત કર્યા હતા અને તેઓને પ્રોત્સાહિત કર્યા હતા.

ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ઢી ૨૪ કલાકના આ કાર્યક્રમમાં ઉદ્યોગ સાહસીકોનું સન્માન થઈ રહ્યું છે એવામાં ઉદ્યોગ મંત્રી તરીકે મને ખૂબ જ આનંદ અનુભવાય છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ગુજરાત દિવસે ને દિવસે ઉદ્યોગ ક્ષેત્રે અવનવા કાર્ય કરીને વિશ્વસ્તરે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યું છે જેનો શ્રેય આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે. વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરવાથી ઉદ્યોગ ક્ષેત્રે લોકોનો અને રાજ્યનો ખૂબ જ વિકાસ થયો છે. સાથે જ ઉદ્યોગ ક્ષેત્રે દેશમાં એક અનોખી જ્વાળા ઉદભવી છે. તેમ તેઓએ જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નાના મોટા ઉદ્યોગકારોની સમસ્યાઓને દૂર કરવા અનેક યોજનાઓ પણ બહાર પાડી છે જેના થકી આજે સ્જીસ્ઈ સેક્ટર અને અવનવા સ્ટાર્ટઅપ વિકસાવી ગુજરાત દેશ માટે રોલ મોડેલ બન્યું છે. ઉદ્યોગોનો વધુ વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સ્કીલ યુનિવર્સિટીની પણ શરૂઆત કરવામાં આવી છે. તેમ તેઓએ ઉમેર્યું હતું.



તા.૪-૩-૨૦૨૩ સવારે ૯-૦૦ વાગે મનોદિવ્યાંગ બાળકોની પ્રતિભાનો નિખાર વધે અને તેમના ઉત્સાહ આનંદમાં વધારો થાય તેવા પ્રેરણાલક્ષી ડ્રોઈંગ કોમ્પીટીશન,ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન લાયન વિરાટ સાવલીયાના જન્મદિવસ પ્રસંગે લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલ,ગાયત્રી પરિવાર નારણપુરા,સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા મહાનુભાવો ડે.મૅયર મા.શ્રીમતી ગીતાબેન પટેલ અમદાવાદ મહાનગર,મા.ડૉ.ઋત્વીઝ પટેલ પ્રવક્તા ભા.જ.પ. ગુજરાત,અતિથિ વિશેષ લા.શ્રીમતી આશાબેન બ્રહ્મભટ્ટ અ.મ્યુ.કાઉન્સીલર નવરંગપુરા વોર્ડ તથા નવાવાડજ વોર્ડના કાઉન્સિલરશ્રીઓની ઉપસ્થિતિમાં વેરાઈ માતાજી મંદિર,નવાવાડજ રેલ્વે ક્રોસિંગ પાસે યોજાયું હતું જેમાં જન્મદિવસ સંસ્કાર ગાયત્રી પરિવારના પ્રવીણભાઈ જી.પટેલે વૈદિક મંત્રોચ્ચાર સાથે કરાવ્યાહતા અને પ્રસંગના અંતે દરેક મનોદિવ્યાંગ બાળકોને ભેટ આપીને સ્વાદિષ્ટ ભોજન મીષ્ટાન સાથે મનો દિવ્યાંગ બાળકોને વિરાટ સાવલીયા તરફથી જન્મદિવસની ખુશાલીમાં પીરસવામાં આવ્યું હતું ????

## ચૈત્ર મહિનો એટલે કીડીને કીડીયારું પૂરવાનો મહિનો

# કીડીયારું પૂરતા હોય તેમને મૃત્યુ પછી પણ સ્વર્ગ મળે

ચૈત્ર મહિનો એટલે કીડીને કીડીયારું પૂરવાનો મહિનો. ચૈત્ર મહિનો કીડી માટે આખા વર્ષનો ખોરાક ભેગો કરવાનો મહિનો છે. આપણે બીજે કશે ન જઈ શકીએ, પરંતુ આપણી સોસાયટીમાં કે તેની આસપાસમાં રહેલા ઝાડ પાસે, પોચી માટીમાં તો કીડીયારું પુરવાનું પુણ્યકાર્ય તો કરી જ શકીએ છીએ . બાજરાનો લોટ, રવો, દળેલી સાકર, સફેદ તલ અને થોડું ઘી ઉમેરીને કીડીયારું બનાવવામાં આવે છે. કરિયાણાની દુકાનવાળા પણ આ મિક્સચર બનાવી આપે છે. એક મુઠ્ઠી કીડીયારું સેંકડો કીડીઓનો ખોરાક બની શકે છે.

સૂકા નાળિયેર લઈ તેમાં અડધે સુધી એક હોલ કરી તેમાં ભેજ વગરનો ગોળ,ખાંડ, ઘી મિક્સ વાળો લોટ ભરી જ્યાં કાંટાવાળા વૃક્ષો હોય તેમાં સુરક્ષિત ઊંધા તેમજ ઊંચા ટિંગાળીને પણ કીડિયારું પૂરવાનું સત્કાર્ય કરી શકાય છે. કહેવાય છે કીડીની કીડીયારું પુરવાથી કરજ ઓછુ થાય અને સાત પેઢી શ્રીમંત બને છે. નાળિયેરનાં કીડીયારાને કારણે કીડીને રોટી અને મકાન બંને મળી રહે છે.



નાળિયેરમાં ઉપરથી હોલ પાડીને કોપરામાં કીડીયારું ભરવામાં આવે છે બાદમાં વૃક્ષની બખોલમાં મૂકતા કીડીઓ તેની અંદરથી ખોરાક તો લે છે, પણ ચોમાસામાં વરસાદથી બચવા આશરો પણ તેમાં લે છે. આપણે કોઈ પણ વ્યક્તિને ભોજન આપીએ તો તે અંતરથી આપણને આશિર્વાદ આપે છે. તો તેવી જ રીતે કીડીઓને કણ નાખવામાં આવે તો તે પણ આપણને આશિર્વાદ આપે છે. આપણી દરેક મુશ્કેલીમાં એ આશિર્વાદ આપણને બચાવે છે, પરંતુ કીડીઓને કણ નાખવાને લઈને એવું પણ કહેવામાં આવે જે લોકો કીડીયારું પૂરતા હોય તેમને મૃત્યુ પછી પણ સ્વર્ગ મળે છે. ગામડાઓમાં વ્રત-તહેવારે બાળાઓ કીડીયારુ પુરતી જોવા મળે છે કેમ કે કીડીયારું પૂરવું તે ખુબ જ પુણ્યનું કામ કહેવાય છે. તેનાથી વ્રત ફળે છે.

- મિત્તલ ખેતાણી



માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબના "સહી પોષણ, દેશ રોશન" અને "કુપોષણ મુક્ત" રાજ્ય અને દેશ બનાવવાના સંકલ્પને સિદ્ધ કરવા આજરોજ પુષ્પનક્ષત્રના શુભદીને સંસ્કૃતિ આર્ય ગુરુકુળ-રાજકોટ, ગાંધીનગર મહાનગરપાલિકા અને ભાજપા ડૉક્ટર સેલ-ગાંધીનગર મહાનગર દ્વારા આયોજિત "મંત્રોષધિ સુવર્ણપ્રાશન સંસ્કાર" કાર્યક્રમ માન. મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષ સ્થાને અને પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ સાહેબની વિશેષ ઉપસ્થિતમાં ભાટ પ્રાથમિક શાળા ખાતે યોજાયો. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા સાહેબ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહીને બાળકોને મંત્રોષધિ સુવર્ણપ્રાશન કરાવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ કુલ ૧૭૮૬૬ બાળકોને મંત્રોષધિ સુવર્ણપ્રાશન કરાવવામાં આવ્યું.

# ભર ઉનાળામાં અનેક જિલ્લામાં વીજળીના કડાકા સાથે વરસાદ આવ્યો

ગાંધીનગર,તા.૪

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતમાં ૩ દિવસ માવઠાની હવામાન વિભાગની આગાહી કરવામાં આવી છે. ત્યારે ગુજરાતમાં આજે સવારથી જ કમોસમી વરસાદે દસ્તક આપી છે. અંબાજી, અમરેલી, મહેસાણા, મહીસાગર જેવા જિલ્લામાં સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યો છે, અને વરસાદ જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે, સવારે ૭.૩૦ વાગ્યાથી આગામી ૩ કલાક સુધી રાજ્યના કેટલાક જિલ્લામાં કમોસમી હળવા વરસાદની આગાહી કરાઈ છે. તો સાથે જ વહેલી સવારથી જ ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદ ખાબક્યો છે. મહીસાગર, પંચમહાલ , દાહોદ , નર્મદા , સાબરકાંઠા , બનાસકાંઠા માં હળવા વરસાદની આગાહી કરાઈ છે. જેમાં પવનની ગતિ પણ ૪૦ કિમિ પ્રતિ કલાકની રહેવાની હવામાન વિભાગની આગાહી છે.

રાજ્યમાં આગામી ૩ દિવસ માવઠાની આગાહી કરાઈ છે. આ આગાહી વચ્ચે અંબાજી અને મહેસાણામાં માવઠું પડ્યું છે. ૫, ૬ અને ૭ માર્ચે રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરાઈ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કમોસમી વરસાદ રહેશે, જેમાં નવસારી, વલસાડ, ડાંગ જિલ્લામાં માવઠાની આગાહી છે. ૫ માર્ચે બનાસકાંઠા, સાબરકાંઠા, પોરબંદરમાં માવઠાની આગાહી છે. માવઠાની આગાહીના લીધે યાર્ડમાં પાકની આવક બંધ કરાઈ છે. હાપા અને ભાવનગર યાર્ડમાં જણસીની આવક બંધ કરાઈ છે. માવઠાની આગાહીના પગલે ખેડૂતોનો પાક ના બગડે તેના માટે આવક બંધ કરાઈ છે. અંબાજી પંથકમાં માવઠાએ વધારી ખેડૂતોની ચિંતા વધી છે. અંબાજીમાં વહેલી સવારથી કમોસમી વરસાદ નોંધાયો છે. ઉનાળાના પ્રારંભે ગાજવીજ સાથે અંબાજીમાં વરસાદ જોવા મળ્યો છે. કમોસમી માવઠાથી તૈયાર પાકને નુકસાન થવાનો ખેડૂતોને ડર છે.

# આપણાં પ્રસિદ્ધ યાત્રા ધામ અંબાજી ખાતે માતાજીના મંદિરમાં ૫૦૦ વર્ષથી ધરાવાતો અને ભક્તો/યાત્રાળુઓ ને આપવામાં આવતો મોહનથાળનો પ્રસાદ બંધ કરીને ' ચીકી' નો પ્રસાદ આપવાનું પ્રસાશને નક્કી કર્યું છે...

કલેક્ટર, બનાસકાંઠા એ આ માટે કારણ આપ્યું કે ચીકી લાંબો સમય સુધી સારી રહી શકે છે જ્યારે મોહનથાળ થોડા દિવસ જ સારો રહે છે...!!!??

આપણે ધર્મને કયા નિમ્ન સ્તરે લઈ ગયા છીએ...? આપણી શ્રદ્ધા અને પરંપરા મુજબ માતાજીને સદીઓથી ધરવામાં આવતા ભોગને સ્થાને ભક્તોને અનુકૂળ ચીજો પ્રસાદ તરીકે ખપાવીને ધરવામાં આવશે...ચોક્કસ વ્યક્તિઓને આર્થિક ફાયદો કરાવવા માટે હવે આપણા દેવ દેવીઓને પણ છોડતા નથી... અગાઉ સોમનાથ મંદિરમાં શિવરાત્રી નિમિતે સતત ૪૮ કલાક દર્શન ખુલ્લા રાખવામાં આવ્યા, ડાકોર રણછોડરાયજી ના મંદિરમાં પણ રવિવાર અને અન્ય તહેવારોમાં દર્શન લાંબો સમય ખુલ્લા રાખવામાં આવે છે..એટલે કે ભક્ત ભગવાન કરતા મોટો થઈ ગયો છે...ભક્તની જરૂરિયાત અને સગવડ મુજબ હવે આપણા દેવ દેવીઓ એ અનુકૂળ થવાનું...??? કોઈક હિન્દુ ધર્મ માટે આમ બોલ્યો, તેમ લખ્યું વિગેરે માટે ચારે બાજુ ઉધામા કરતા કહેવાતા હિન્દુ ધર્મ રક્ષકો આવી પાયાની બાબતો અંગે શા માટે મૌન ધારણ કરે છે...?

યોગેન સેવક

શ્રધ્ધાદીપ ગ્રીનક્રોસ
પેથોલોજી લેબોરેટરી
ગુડ હેલ્થ મીશન
• ડાયાબિટીસ ટેસ્ટ ફ્રી • અન્ય ટેસ્ટ પર ૪૦% સુધીનું ડિસ્કાઉન્ટ
• બોડી ચેકઅપ પર ૭૦% સુધીનું ડિસ્કાઉન્ટ
:: સ્થળ ::
• ગણપતી ચોક, સેક્ટર-૨, ગાંધીનગર • મહાદેવ મંદિર, સેક્ટર-૨, ગાંધીનગર
• સ્વામીનારાયણ મંદિર, સેક્ટર-૨, ગાંધીનગર • આરોગ્ય કેન્દ્ર, સેક્ટર-૨, ગાંધીનગર
તારીખ : ૦૫/૦૩/૨૦૨૩ રવિવાર સમય : સવારે ૭:૦૦ થી બપોરના ૧:૦૦

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.